" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-346 | AD - 2026, Bhadarva Sud-12 | Wednesday, Dt. 23-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ફાઇનલમાં શ્રીલંકાને ૧૪૭ રને હરાવ્યું; સ્મૃતિ મંધાનાની ૭૯ રનની વિસ્ફોટક ઇનિંગ, દીપ્તિ શર્માની ૩ વિકેટ

# એશિયન ગેમ્સમાં ભારતે ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૨૨

એશિયન ગેમ્સ ૨૦૨૬ની મહિલા ક્રિકેટ ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને ૧૪૭ રને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો છે. નિસિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમાયેલી ફાઈનલમાં ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૧૬ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ ૧૫.૪ ઓવરમાં માત્ર ૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. એશિયન ગેમ્સમાં મહિલા ક્રિકેટનો ભારતનો આ પ્રથમ ગોલ્ડ મેડલ છે. શ્રીલંકાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો.

ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ શાનદાર શરૂઆત કરતાં પ્રથમ વિકેટ માટે ૯૯ રનની ભાગીદારી કરી હતી. મંધાનાએ માત્ર ૩૦ બોલમાં અડધી સદી પૂર્ણ કરી હતી અને ૪૫ બોલમાં ૭૯ રનની આક્રમક ઈનિંગ રમી હતી, જેમાં ૫ ચોગ્ગા અને ૭ છગ્ગાનો સમાવેશ થાય છે. શેફાલી વર્મા ૪૮ રને આઉટ થઈ હતી, જ્યારે કેપ્ટન હરમનપ્રીત કૌરે ૧૯ રન બનાવ્યા હતા. ત્યારબાદ રિચા ઘોષે ઝડપી બેટિંગ કરતાં માત્ર ૨૨ બોલમાં અણનમ ૪૯ રન બનાવ્યા હતા. તેના કારણે ભારતનો સ્કોર ૨૦૦ રનને પાર પહોંચ્યો હતો. ૨૧૬ રનનો સ્કોર મહિલા એશિયન ગેમ્સના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર





બન્યો હતો.

૨૧૭ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી. ઈમેશા દુલાની ૩ રને અને હસિની પરેરા શૂન્ય રને આઉટ થઈ હતી. કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ૨૧ બોલમાં ૨૯ રન બનાવ્યા હતા, જ્યારે કવિશા દિલહારીએ ૧૧ રન કર્યા હતા. અન્ય બેટર્સ ભારતીય બોલિંગ સામે ટકી શક્યા નહોતા. ભારત તરફથી દીપ્તિ શર્માએ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે શ્રેયંકા પાટીલ અને શ્રી ચર્નીએ ૨-૨ વિકેટ લીધી હતી. આ ફાઈનલ દરમિયાન શેફાલી વર્માએ પણ મહત્વપૂર્ણ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તે મહિલા ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની છે. ૨૦૨૬માં શેફાલીએ ૮૬૩ રન બનાવ્યા છે. તેણે દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડનો ૮૨૪ રનનો અગાઉનો રેકોર્ડ પાછળ છોડ્યો હતો. દરમિયાન મહિલા ક્રિકેટની બ્રોન્ઝ મેડલ મેચમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૩૧ રને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પાકિસ્તાને ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૫ રન બનાવ્યા હતા. ફાતિમા સનાએ ૩૦ બોલમાં ૪૫ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. જવાબમાં બાંગ્લાદેશની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૧૪ રન બનાવી શકી હતી. શર્મીન અખ્તરે ૪૬ અને નિગાર સુલ્તાનાએ ૨૫ રન બનાવ્યા હતા, પરંતુ ટીમને વિજય અપાવી શક્યા નહોતા. આ સાથે પાકિસ્તાને એશિયન ગેમ્સમાં મહિલા ક્રિકેટનો પોતાનો પ્રથમ મેડલ જીત્યો હતો.

# UNSCમાં ભારતને કાયમી સભ્યપદ આપવું જોઈએ : V4 દેશોનો ટેકો

ન્યૂયોર્ક, તા.૨૨

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને ચાર યુરોપિયન દેશોનો મજબૂત ટેકો મળ્યો છે. પોલેન્ડ, હંગેરી, સ્લોવાકિયા અને ચેક રિપબ્લિકનો સમાવેશ ધરાવતા વિસેગ્રાડ ગ્રુપ (V4)એ યુએનએસસીના કાયમી સભ્ય તરીકે ભારતની ઉમેદવારીને સમર્થન આપ્યું છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રની બાજુમાં પ્રથમ V4+ભારત વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ



હતી. બેઠકમાં ચારેય દેશોના વિદેશ મંત્રીઓ સાથે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર જોડાયા હતા. બેઠક બાદ સ્લોવાકિયાના વિદેશ મંત્રી જુરાજ બ્લાનરે જણાવ્યું હતું કે ભારત ગ્લોબલ સાઉથનો મહત્વપૂર્ણ દેશ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની ઉભરતી શક્તિ હોવાથી યુએન સુરક્ષા પરિષદના કાયમી સભ્ય તરીકે હોવું જોઈએ. ભારતીય વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બેઠકમાં ભારત અને ફ૪ દેશો વચ્ચે સહયોગ વધુ મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા થઈ હતી. વેપાર અને રોકાણ, ટેકનોલોજી અને નવીનતા, મજબૂત પુરવઠા શૃંખલા, સંરક્ષણ અને સુરક્ષા, કનેક્ટિવિટી, શિક્ષણ તેમજ લોકો વચ્ચેના સંપર્કો જેવા મુદ્દાઓ પર સહમતી બની હતી. બેઠકમાં પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ, શાંતિ અને સુરક્ષા તથા બહુપક્ષીય વ્યવસ્થામાં સુધારા અંગે પણ ચર્ચા થઈ હતી. ગ્લોબલ સાઉથ સામેના પડકારો અંગે વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જણાવ્યું હતું કે ભારત અને V4 દેશો રાજકીય, આર્થિક, ટેકનોલોજીકલ, સંરક્ષણ અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા છે. વિદેશ મંત્રીઓની વાર્ષિક બેઠક ઉપરાંત આર્થિક સહયોગ માટે વાર્ષિક વેપાર મંચ શરૂ કરવાની પણ ચર્ચા થઈ હતી.

# દુનિયાએ કટોકટીનો સામનો કરવા એક થવું જોઈએ : વિદેશ મંત્રી એસ. જયશંકર

ન્યૂયોર્ક, તા.૨૨

યુએનજીએના ૮૧મા સત્ર દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે વૈશ્વિક વ્યવસ્થામાં વધતા તણાવ અને ભૂ-રાજકીય સ્પર્ધા વચ્ચે બહુપક્ષીયતાને વધુ મજબૂત બનાવવાની હિમાયત કરી હતી. 'પાર્ટનર્સ ફોર મલ્ટિલેટરલિઝમ' સમિટમાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વ શાંતિ, સુરક્ષા, આબોહવા પરિવર્તન, આતંકવાદ, નવી ટેકનોલોજી અને વૈશ્વિક પુરવઠા શૃંખલા જેવા પડકારોનો સામનો દેશોએ સાથે મળીને કરવો જરૂરી



છે. જયશંકરે યુએન સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં વધુ ભાગીદારી અને પારદર્શક નિર્ણય પ્રક્રિયા સાથે 'સુધારેલ બહુપક્ષીયતા'ની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં વૈશ્વિક શક્તિ સંતુલનમાં પરિવર્તન આવ્યું છે, જ્યારે તીવ્ર સ્પર્ધા, ભૂ-રાજકીય તણાવ અને સંઘર્ષોએ આ પ્રક્રિયાને વધુ વેગ આપ્યો છે. આવી સ્થિતિને નિયંત્રિત ન કરવામાં આવે તો આંતરરાષ્ટ્રીય સહયોગની ભાવના પર અસર પડી શકે છે. વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહયોગ માત્ર રાજદ્વારી વાટાઘાટો પૂરતો મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક શાંતિ, સુરક્ષા અને વિકાસ સાથે સીધો જોડાયેલો છે. આબોહવા ન્યાય, વિકાસ માટે નાણાં, આતંકવાદ સામેની લડત, પુરવઠા શૃંખલા, આપત્તિ વ્યવસ્થાપન અને ભવિષ્યના રોગચાળા સામેની તૈયારી માટે સામૂહિક પ્રયાસ જરૂરી છે. તેમણે બળતણ, ખોરાક, ખાતર અને નાણાંની કટોકટીનો ઉલ્લેખ કરી તાત્કાલિક અને લક્ષિત પગલાં લેવાની જરૂરિયાત દર્શાવી હતી. નવી ટેકનોલોજી સાથે ઊભા થતા પડકારો માટે સ્પષ્ટ આંતરરાષ્ટ્રીય નિયમો અને સુરક્ષા માળખું જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# તેલંગાણાની RIMS હોસ્પિટલમાં આગ, ત્રણ નવજાત બાળકોનાં મોત

હૈદરાબાદ,તા.૨૨

તેલંગાણાના આદિલાબાદ જિલ્લાના સરકારી RIMS હોસ્પિટલના સ્પેશિયલ ન્યૂબોર્ન કેર યુનિટ (SNCU)માં સોમવારે મોડી રાત્રે અચાનક આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ત્રણ નવજાત બાળકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે.

જ્યારે અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગી ત્યારે SNCUમાં કુલ ૨૭ નવજાત બાળકો સારવાર હેઠળ દાખલ હતા. ઘટનાની જાણ થતાં હોસ્પિટલ તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ૨૫ બાળકોને અલગ-અલગ ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં ACમાં ખામી સર્જાતા વિસ્ફોટ થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.
















# લાઠી, રાજુલા, ધારી પંથકમાં પવન સાથે ધોધમાર વરસાદ

અમરેલી,તા.૨૨

લાઠી તાલુકાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પવન સાથે ધોધમાર વરસાદ વરસતા સમગ્ર પંથકમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. લાંબા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો અને ગ્રામજનોમાં વરસાદને પગલે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

લાઠીના ધામેલ, મેમદા, કાચરડી, નવાગામ અને આંબરડી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

અચાનક વરસેલા ભારે વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોનું વાતાવરણ બદલાઈ ગયું હતું અને ગરમીમાંથી લોકોને રાહત મળી હતી.લાઠી તાલુકાના છેવાડાના વિસ્તારોમાં લાંબા સમય બાદ સારો વરસાદ થતાં ખેતરોમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. વરસાદના પાણીથી સૂકાઈ રહેલા ખેતીના પાકને પણ રાહત મળી છે. ખાસ કરીને કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાક માટે આ વરસાદ ફાયદાકારક રહેવાની ખેડૂતો આશા વ્યક્ત કરી રહ્યા છે. વરસાદના અભાવે ખેતીના પાકને નુકસાન થવાની ચિંતા વચ્ચે વરસેલા વરસાદથી


તસવીર : સંજય વાળા

ખેડૂતોમાં નવી આશા જાગી છે. ખેતરોમાં વરસાદી પાણી પહોંચતા પાકને નવું જીવન મળ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.બીજી તરફ રાજુલા પંથકમાં પણ આજે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થતાં સમગ્ર વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજુલા શહેરમાં ભારે વરસાદ સાથે પવન ફૂંકાતા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી જોવા મળતાં લોકોને પણ ચોમાસાની ઋતુનો અનુભવ થયો હતો.

રાજુલા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ વરસ્યો હતો.

રાજુલા પંથકના આગરીયા, માંડરડી, ઝાપોદર, ખાખબાઈ અને કુંભારિયા સહિતના ગામોમાં વરસાદ વરસતાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠંડક પ્રસરી ગઈ હતી. પવન સાથે વરસેલા ધોધમાર વરસાદથી કાળઝાળ ગરમીથી ત્રસ્ત લોકોને મોટી રાહત મળી હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકોમાં વરસાદને પગલે ખુશીની લાગણી જોવા મળી હતી. ખાસ કરીને ખેડૂતો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે.

લાઠી અને રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસેલા વરસાદથી ખેતી માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. વરસાદના કારણે જમીનમાં બપોરના સમયે ધારી પંથકમાં પણ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. લાંબા વિરામ બાદ વરસાદ થતાં ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીનું વાતાવરણ જોવા મળ્યું હતું.

# અમરેલી જિલ્લાને સ્પેશ્યલ એગ્રીકલ્ચર ઔદ્યોગિક ઝોન જાહેર કરવા વિપુલ દુધાતની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને અમરેલી જિલ્લાને 'સ્પેશ્યલ એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીયલ ઝોન' જાહેર કરવાની માંગ કરી છે. પત્રમાં જણાવ્યા મુજબ જિલ્લામાં રોડ-રસ્તાના કામો પૂર્ણ થતાં પરિવહનની સુવિધામાં



વધારો થશે, પરંતુ રોજગારીની તકો મર્યાદિત રહેવાની શક્યતા છે. પરિણામે ખેડૂત અને મજૂર પરિવારો રોજગારી માટે શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે.

વિપુલ દુધાતે રજૂઆતમાં જણાવ્યું છે કે ખેડૂતો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશોનું જિલ્લામાં જ પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધિત ઉત્પાદન કરવામાં આવે તો ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી શકે અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ ઊભી થઈ શકે. આ હેતુથી કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ કરમાંથી ૧૦ વર્ષ સુધી છૂટછાટ આપવામાં આવે તેવી વિશેષ નીતિ બનાવવાની વિનંતી કરવામાં આવી છે. આ બાબતે પ્રદેશ ભાજપ પ્રમુખ, નાયબ મુખ્યમંત્રી, સાંસદ અને અમરેલી જિલ્લાના ધારાસભ્યોને પણ રજૂઆત કરવામાં આવી છે.

# જાફરાબાદના ભટવદર ગામે પવનચક્કીની વીજલાઈનમાં કરંટ લાગવાથી મોરનું મોત

જાફરાબાદ,તા.૨૨

જાફરાબાદ તાલુકાના ભટવદર ગામની સીમમાં આવેલી વિંના એનર્જી કંપનીની પવનચક્કીની વીજ લાઈનમાં ફરી એકવાર રાષ્ટ્રીય પક્ષી મોરનું મોત થયાની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ વીજ લાઈનમાં મોર આવી જતાં કરંટ લાગવાથી તેનું મોત થયું હોવાની


તસવીર : બાબુભાઈ વાઢેળ

આશંકા છે. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃત મોરને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. નોંધનીય છે કે માત્ર ૧૩ દિવસમાં આ જ વિસ્તારમાં બીજા મોરનું મોત થતાં પર્યાવરણપ્રેમીઓ અને ગ્રામજનોમાં દુઃખ સાથે રોષ જોવા મળ્યો છે. પવનચક્કીની વીજ લાઈનોમાં સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે.

# વીજપડી સ્ટેશને નવી ટ્રેનોના સ્ટોપેજ આપવા અને સમયમાં ફેરફાર કરવા DRMને રજૂઆત

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વીજપડી રેલવે સ્ટેશને નવી ટ્રેનોના સ્ટોપેજ અને સમયમાં સુધારો કરવા બાબતે વિજય એસ. ત્રિવેદી દ્વારા ભાવનગર **DRM**ને લેખિત રજૂઆત કરાઈ છે. વીજપડી આસપાસના ૨૭ ગામોનું મુખ્ય કેન્દ્ર હોવા છતાં, બ્રોડગેજ બન્યા બાદ અહીં માત્ર બે લોકલ ટ્રેનો જ ફાળવાઈ છે, જ્યારે મીટરગેજ વખતે ૬ ટ્રેનો દોડતી હતી. મહુવા-બાંદ્રા અને મહુવા-સુરત ટ્રેનોને વીજપડી ખાતે ૧ થી ૨ મિનિટનું સ્ટોપેજ ન મળવાથી વેપારીઓ, મુસાફરો અને વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. આ ઉપરાંત, મહુવા-ગાંધીગ્રામ (અમદાવાદ) રૂટ પર સવાર-સાંજ નવી ટ્રેન શરૂ કરવા, મહુવા-ભાવનગર ટ્રેનનો સમય બદલી કનેક્શન સેટ કરવા તેમજ સવારની ટ્રેનને બોટાદ સુધી લંબાવવા માંગ કરાઈ છે. આ વિસ્તારના હિતમાં રેલવે તંત્ર ત્વરિત નિર્ણય લે તે જિલ્લાના સાંસદ અને ધારાસભ્યોને પણ રજૂઆત કરવામાં આવી છે.

# લીલીયા તાલુકાના આંબા ગામે સગીરાએ ઝેરી દવા પીતા મોત

## પરિવારે લગ્ન બાબતે ઠપકો આપતા સગીરાએ અંતિમ પગલુ ભર્યુ

લીલીયા, તા.૨૨

લીલીયા મોટાના આંબા ગામે વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના ઉગમણુ ફળીયુંના કોડબુંના રહેવાસી સુનિલભાઈ નરૂભાઈ ગણાવા (ઉ.વ.૨૨) એ જાહેર કર્યા મુજબ, રેશાબેન કાળુભાઈ ગણાવા (ઉ.વ.૧૪)ને ભાવસિંગ સાથે પ્રેમ સંબધ હતો. જેથી પરિવારના સભ્યો નાની ઉંમર લગ્ન નહી કરી આપે જે બાબતે મનમાં લાગી આવતા ઝેરી દવા પી જતા મરણ પામી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા ડેપો ખાતે અકસ્માત નિવારણ અને રોડ સેફ્ટી કાર્યક્રમ યોજાયો

બગસરા,તા.૨૨

બગસરા ડેપો ખાતે અકસ્માત નિવારણ અને રોડ સેફ્ટી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પોલીસ સ્ટાફ તેમજ બગસરા ડેપો મેનેજરની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન વાહનચાલકો અને કર્મચારીઓને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા, હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા તેમજ વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું


તસવીર : મયુર પંડયા

હતું. સાથે જ ઓવરટેકિંગ, ઝડપથી વાહન ચલાવવું અને ટ્રાફિક નિયમોના ભંગથી થતા અકસ્માતો અંગે સમજ આપવામાં આવી હતી. અકસ્માતો અટકાવવા સૌએ જવાબદારીપૂર્વક વાહન ચલાવી માર્ગ સલામતી જાળવવા અપીલ કરવામાં આવી હતી.

# લીલીયાના બવાડી શાળાના શિક્ષકને રાજ્ય શ્રેષ્ઠ ગણિત શિક્ષક એવોર્ડ

લીલીયા,તા.૨૨

સોનગઢ ખાતે યોજાયેલા ૨૦મા ગણિત મહોત્સવમાં બવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક વરુણભાઈ દવેને રાજ્ય શ્રેષ્ઠ ગણિત શિક્ષક એવોર્ડ-૨૦૨૬થી સન્માનિત કરવામાં આવ્યા. તેઓ પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, **TLM**, ગણિતીય રમતો, પઝલ, મોડેલ, **HOTS** પ્રશ્નો અને ટેક્નોલોજી દ્વારા ગણિતને સરળ અને રસપ્રદ બનાવે છે. ગ્રામ્ય શાળામાં વિદ્યાર્થીઓની



તાર્કિક શક્તિ અને સર્જનાત્મકતા વિકસાવવાના તેમના પ્રયાસો પ્રેરણારૂપ છે. તેમણે ચંદ્રમૌલી જોશી, કલ્પેશભાઈ અખાણી, દર્શનભાઈ મહેતા, આશિષભાઈ મહેતા તથા આયોજક ટીમનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે આ સન્માન વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ વધારતા નવીન શિક્ષણકાર્યને મળેલું પ્રોત્સાહન છે. શાળા પરિવાર અને શિક્ષણપ્રેમીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીમાં સ્વ. કિશન બારૈયાની સ્મૃતિમાં હોકી ટુર્નામેન્ટનો પ્રારંભ

અમરેલી,તા.૨૨

સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા અમરેલીમાં હોકીની સીકસ એ સાઈડ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. અમરેલીની ૬ ટીમો વચ્ચે લીગ ટુર્નામેન્ટ સવારે ૬ કલાકે ૨ મેચ તથા સાંજના ૫ વાગે ૨ મેચ રમાશે. અમરેલીના હોકી પ્લેયરોમાં પાજીના નામથી જાણીતા સ્વ. કિશનભાઈ બારૈયા એસ.ટી. અમરેલીમાં દોઢ વર્ષથી કલાર્ક તરીકે ફરજ બજાવનાર તેમજ હોકીની રમતમાં સ્કુલ ગેઈમ તથા ખેલ મહાકુંભમાં રાજયકક્ષા સુધી રમનાર સ્વ કિશનભાઈ માટે અમરેલીના હોકી ખેલાડીઓ બ્રિજરાજસિંહ વાળા, જયદિપ શિતોલે, સાગર સરવૈયા, સાર્થિક



માલુકીયા, જીગ્નેશ સોલંકી, વિશ્વદીપ રાણાએ આ ટુર્નામેન્ટ દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરી છે. ચિતલ રોડ પરના સરદાર પટેલ સ્પોટર્સ કોમ્પલેક્ષના હોકી ગ્રાઉન્ડ પર સ્પર્ધાનું ઉદ્‌ઘાટન હોકી ગુજરાતના સીનીયર વાઈસ પ્રેસિડન્ટ તેમજ હોકી અમરેલીના સેક્રેટરી આઈ. પી. બારડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે તમામ હોકીના ચાહકોએ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમના મોટાભાઈ કમલભાઈ બારૈયા તથા તેમના પુત્ર મન અને પુત્રી કાવ્યા બારૈયા પણ ઉપસ્થિત રહ્યા હતા. હોકી અમરેલીના ટ્રેઝરર બળદેવસિંહ ગોહિલ, એચડીએફસીના ઈન્દ્રસિંહ ગોહિલ હોકી કોચ અક્ષયભાઈ સોનીએ હાજરી આપેલ.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની રજૂઆતથી અમરેલીમાં વિદ્યાર્થીઓ માટે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર ખુલ્યુ

**વિદ્યાર્થીઓએ રાજ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો**



અમરેલી,તા.૨૨

અમરેલી નગરપાલિકાના સદસ્ય કલગીબેન ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓની પડતી મુશ્કેલીઓ બાબતે રજૂઆત કરાઈ હતી કે હાલમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અને મુખ્યમંત્રી શિષ્યવૃતિ યોજના સંદર્ભેના વેરીફીકેશનની કામગીરી માટે અમરેલી જિલ્લાના તમામ વિદ્યાર્થીઓને ભાવનગર અથવા તો રાજકોટ સુધી જવું પડે છે. જેના કારણે વિદ્યાર્થીઓને સમય અને નાણાંનો વ્યય થાય છે તથા ભારે હાલાકી ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓના હિત માટે રાજ્યકક્ષાના મંત્રી કૌશિક વેકરિયા દ્વારા શિક્ષણ મંત્રી ડૉ. પ્રધુમનભાઈ વાજાને પત્ર લખીને આ બાબતે નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. જેથી શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક અમરેલીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર ખોલવામાં આવતા વિદ્યાર્થીઓએ રાજયમંત્રી કૌશિક વેકરીયાનો આભાર માન્યો હતો. હવે વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ વેરિફિકેશન અમરેલીમાં જ થશે.

# રાજુલામાં યુવકને છરીના ઘા ઝીંકી જાનથી મારવાની ધમકી આપી

રાજુલા, તા.૨૨

રાજુલામાં યુવકને છરીના ઘા ઝીંકીને જાનથી મારવાની ધમકી આપી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢ માર પણ માર્યો હતો બનાવ અંગે વિપુલભાઈ રવજીભાઈ શીયાળ (ઉ.વ.૨૨)એ હાર્દિકભાઈ હિંમતભાઈ શીયાળ, કિશનભાઈ નારણભાઈ શીયાળ, જયદિપભાઈ રામજીભાઈ ચૌહાણ, વિરસંગભાઈ રૂખડભાઈ શીયાળ, યોગેશભાઈ રૂખડભાઈ શીયાળ, રામજીભાઈ બારૈયા, દિલીપભાઈ જીતુભાઈ ધુંધળવા, મહેકભાઈ ધરમશીભાઈ જોળીયા, કમલેશભાઈ નરશીભાઈ ચૌહાણ, જીગરભાઈ વનરાજભાઈ બારૈયા તથા અજાણ્યા બે પુરૂષો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આ હાર્દિકભાઈ શીયાળ જેની સાથે સગાઈ થવાની હોય તે સુખદેવભાઈની દિકરી તેના ફુઈના દિકરા ભાવેશભાઈ ગુજરીયા સાથે ફોનમાં વાતચીત કરતી હતી. જે વાતનો રાગદ્વેશ રાખી ભાવેશભાઈ સાથે સમાધાન કરવાના બહાને આરોપીઓએ કાવતરૂ રચી પ્રાણ ઘાતક હથિયારોથી સજ્જ થઈને પોતાનો સમાન ઈરાદો પાર પાડવા તેમને તથા સાહેદ રાજુભાઈ તથા સાહેદ દિલસુખભાઈને જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમને મારી નાખવાના ઈરાદે છરી વડે જીવલેણ હુમલો કરી બંને કુલાના ભાગે એક એક ઘા માર્યો હતો અને ત્રીજો ઘા પેટમાં મારવા જતા તેમણે હાથથી છરી પકડી લીધી હતી. જેથી જમણા હાથની ત્રણ આંગળી ઉપર ઈજા થઈ હતી. આરોપીએ તેમને તથા સાહેદોને શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એલ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના મોટા દેવળીયા ગામે ધમકીથી લાગી આવતાં પુરુષે ઝેરી દવા પીધી

**પુરૂષને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો**

બાબરા, તા.૨૨

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતા શોભનાબેન રમેશભાઈ બગડા (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તેમના દિકરા સાહિલ સાથે તેની બાજુમાં રહેતા સંજયભાઈ રાઘવભાઈ કોચરા તથા અક્ષયભાઈ રાઘવભાઈ કોચરા સાથે બોલાચાલી થઈ હતી. જે બાબતે બન્ને જણા તેમના પતિ રમેશભાઈ બગડાને ધાક ધમકી આપતા હતા. જેથી તેમના પતિને લાગી આવતા પોતાની મેળે પોતાના ઘરે મરચીમા છાંટવાની ઝેરી દવા પીધી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી આર ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા નાગરિક સહકારી બેંકની ચૂંટણીનાં વિજેતા સભ્યોનો સત્કાર સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૨



સાવરકુંડલા લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે સાવરકુંડલા નાગરિક સહકારી બેંકની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના સંદર્ભે વિશેષ સહકાર સત્કાર સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં વેપારી બેંક પેનલના તમામ સભ્યો અને ડિરેક્ટરોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગોવિંદરામ બાપુ, પૂજ્ય શંભુગીરી બાપુ, પૂજ્ય ઘનશ્યામબાપુ અને પૂજ્ય કરશનબાપુ સહિત સંતો-મહંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. પ્રસંગે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી ચંદ્રેશભાઈ રવાણી, દાનુબાપુ ખુમાણ, હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી તથા વિજયભાઈ ડોડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ડિરેક્ટર કિરીટભાઈ દવે, હિતેશભાઈ સરૈયા, જીગ્નેશભાઈ ભરાડ તથા તમામ પેનલના ઉમેદવારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ટોડા ગામે જરખીયા ગામ જવાની ચોકડીએ રોડ ઉપર બે મોટર સાયકલ વચ્ચે ટક્કર

લાઠી, તા.૨૨

લાઠીના ટોડા ગામે જરખીયા ગામ જવાની ચોકડીએ રોડ ઉપર બે મોટર સાયકલ વચ્ચે ટક્કર થઈ હતી. આ અંગે ઈમ્તીયાઝઅલી યાકુબઅલી સૈયદ (ઉ.વ.૩૫)એ અજાણ્યા મોટર સાઈકલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ પોતાનું હવાલાવાળી મોટર સાઈકલ રજી નં.GJ-01-ML-8436 લઈને લાઠીથી અમરેલી તરફ જતા હોય ત્યારે ટોડા ગામે જરખીયા ચોકડી પાસે પહોચતા દુધાળા ગામ તરફ જવાના રસ્તા બાજુથી એક અજાણ્યા મોટર સાયકલ ચાલકે ભટકાવી હતી. જેમાં તેમને ડાબા ખભાના ભાગે ફેકચરની ઈજા થઈ હતી. તેમજ મોટર સાયકલ પાછળ બેઠેલા સાહેદને માથાના ભાગે હેમરેજની તથા અન્ય શરીરે નાની મોટી ઈજા થઈ હતી.

# અમરેલીના નાગનાથ મંદિરે ગણપતિ ઉત્સવની ઉજવણી

અમરેલી,તા.૨૨



અમરેલીમાં આવેલા નાગનાથ મંદિરના પટાંગણમાં નાગનાથ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણપતિ ઉત્સવના ૧૨૭મા વર્ષની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આજે સાંજે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતી ડો. પિયુષભાઈ ગોસાઈ, ડો. રાજુભાઈ કથીરિયા, ડો. હિતેશભાઈ ગાંધી, ડો. હર્ષદભાઈ રાઠોડ, તેજસભાઈ દેસાઈ, મુકેશભાઈ પંચાલ, વર્ષીલભાઈ ગાંધી અને જીતભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવી હતી. ગણપતિ ઉત્સવને લઈને ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગણપતિ બાપાના દર્શન કરી મહાઆરતીમાં ભાગ લીધો હતો.

# ગઢીયા ચાવંડ ગામે સિંહણથી પશુધન બચાવનાર પશુપાલકનું સન્માન

અમરેલી,તા.૨૨



ધારી તાલુકાના ગઢીયા ચાવંડ ગામે થોડા દિવસ પહેલાં સિંહણના હુમલાથી પોતાના પશુધનને બચાવનાર પશુપાલક શામજીભાઈનું સરપંચ અલરખાભાઈ તથા પત્રકાર મિત્રો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શામજીભાઈ બકરાં લઈને ગામ તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે સિંહણ પાછળ આવી બકરાનો શિકાર કરવાની તક શોધી રહી હતી. જોકે શામજીભાઈએ માત્ર લાકડી અને છત્રીની મદદથી સિંહણને દૂર રાખી તમામ પશુધનને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડ્યું હતું.

# દામનગરમાં તૂટેલી પાણીની પાઈપલાઈનમાં ભંગાણથી હજારો લીટર પાણીનો વેડફાટ

દામનગર, તા.૨૨




દામનગરમાં વિકાસની સાથે તૂટેલી પાણીની પાઈપલાઈનમાંથી પીવાનું પાણી રોડ પર વહી જતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. દામનગર નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં પીવાના પાણીના વિતરણ માટે સારી વ્યવસ્થા કરવામાં આવતી હોવાનો શહેરીજનોનો મત છે, પરંતુ પાઈપલાઈનમાં ભંગાણ કે લીકેજ સર્જાય ત્યારે સમયસર રીપેરીંગ ન થવાથી પાણીનો મોટાપાયે વેડફાટ થાય છે. શહેરમાં સદાબહાર રેસ્ટોરન્ટની બાજુમાંથી પસાર થતી પીવાના પાણીની પાઈપલાઈન છેલ્લા કેટલાક દિવસથી તૂટેલી હોવાનું જણાય છે, જેના કારણે સતત પાણી રોડ પર વહી રહ્યું છે. તંત્ર દ્વારા તાત્કાલિક પાઈપલાઈનનું રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# નાની કુંડળ ગામે બાબરા પોલીસે લોક દરબાર યોજ્યો

નાની કુંડળ, તા.૨૨



બાબરા તાલુકાના નાની કુંડળ ગામે બાબરા પોલીસ સ્ટેશન દ્વારા ગ્રામ પંચાયતના સહયોગથી લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચેનો સંવાદ વધુ મજબૂત બને તેમજ ગામમાં સુરક્ષાનું વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં બાબરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડાંગર, હેડ કોન્સ્ટેબલ યોગેશભાઈ પરમાર તથા કોન્સ્ટેબલ રાજુભાઈ ભૂકણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બાબરા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન માધવભાઈ કટારીયા, સરપંચ વિનોદભાઈ તલાવડીયા, ઉપસરપંચ અશ્વિનભાઈ સોલંકી, ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ વધતા જતા સાયબર ફ્રોડ અને ઓનલાઈન છેતરપિંડીથી બચવાના ઉપાયો અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા જરૂરી કાનૂની સૂચનો આપવામાં આવ્યા હતા.

# સુખપુર - ક્રાંગસા ફોરેસ્ટની વીડીમાં ફોરેસ્ટરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

**ફોરેસ્ટ વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારીએ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૨૨

ધારીમાં સુખપુર - ક્રાંગસા ફોરેસ્ટની ૧૦ નંબરની વીડીમાં ફોરેસ્ટ વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે દલખાણીયા ગામે રહેતા ગોકળભાઈ વશરામભાઈ પરમાર (ઉ.વ-૫૨)એ સુખપુર ગામના સલીમભાઈ બચુભાઈ બ્લોચ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ફરજમાં જતા હોય ત્યારે સુખપુર ગામે હાજીભાઈની દુકાન પાસે પહોચતા આરોપીએ તેમને ઉભા રાખ્યા હતા અને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. તેઓ ફોરેસ્ટની ૧૦ નંબરની વીડીમાં પહોચતા આરોપી પાછળથી મોટરસાઈકલ લઈને આવ્યો હતો અને તેમને ઉભા રાખી ફરજમાં જતા અટકાવી લોખંડના પાઈપથી એક ઘા જમણા હાથમાં તેમજ બીજો ઘા ડાબા પગમાં તેમજ ત્રીજો ઘા વાસાના ભાગે માર્યો હતો. છાતીના ભાગે મુંઢમાર મારી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત તેમના હાથમાંથી મોબાઈલ ફોન આંચકી લીધો હતો.










તંત્રી લેખ

# ભારતના વેપાર માટે ખુલતું નવું દ્વાર

વિશ્વના વેપાર ક્ષેત્રમાં ભારત માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થયેલો મુક્ત વેપાર કરાર ૨૦ ઓક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવવાનો છે. બંને દેશોએ આ કરારને મંજૂરી આપી દીધી છે. ભારત માટે આ માત્ર બે દેશો વચ્ચેનો વેપાર કરાર નથી, પરંતુ નિકાસ વધારવા, નવા બજારો સુધી પહોંચ બનાવવા અને રોકાણની શક્યતાઓ ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.આજના સમયમાં કોઈપણ દેશની આર્થિક શક્તિ માત્ર તેના સ્થાનિક બજારથી નક્કી થતી નથી. વિશ્વના અન્ય દેશો સાથેના વેપાર સંબંધો પણ એટલા જ મહત્વપૂર્ણ છે. ભારતનું બજાર મોટું છે, પરંતુ ભારતીય ઉત્પાદનોને વિશ્વના વધુને વધુ બજારો મળે તે પણ જરૂરી છે. નિકાસ વધે તો ઉત્પાદનને વેગ મળે અને ઉદ્યોગોને ગતિ મળે, જેના પરિણામે રોજગારની નવી તકો ઊભી થઈ શકે છે. ન્યૂઝીલેન્ડ સાથેનો આ કરાર ભારતીય ઉત્પાદકો માટે નવી શક્યતાઓ ઊભી કરે છે. બંને દેશો વચ્ચે વેપાર પ્રક્રિયા સરળ બનવાથી ભારતીય ઉત્પાદનોને ન્યૂઝીલેન્ડના બજારમાં વધુ પહોંચ બનાવવાની તક મળી શકે છે. ખાસ કરીને ગુણવત્તાયુક્ત ભારતીય ઉત્પાદનો માટે આ બજાર વધુ ઉપયોગી બની શકે છે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે પણ આ કરાર મહત્વપૂર્ણ બની શકે છે. જોકે, કોઈપણ વેપાર કરારનું મૂલ્યાંકન માત્ર કરાર થયો એટલા માટે કરી શકાય નહીં. તેની વાસ્તવિક અસર ત્યારે જોવા મળશે જ્યારે ભારતીય ઉત્પાદનોને નવા બજારો મળે, નિકાસમાં વધારો થાય, નાના ઉદ્યોગોને લાભ મળે અને તેની અસર વ્યાપક અર્થતંત્ર સુધી પહોંચે. આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી મહત્વનો મુદ્દો ગુણવત્તાનો છે. વિશ્વ બજારમાં માત્ર સસ્તું ઉત્પાદન પૂરતું નથી. ઉત્પાદન ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય હોવું જોઈએ. સમયસર પુરવઠો, યોગ્ય પેકિંગ, સલામતીના ધોરણો અને આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન પણ જરૂરી છે. ભારતીય ઉદ્યોગોએ આ બાબતોને વધુ ગંભીરતાથી લેવી પડશે. નાના ઉદ્યોગો માટે આ કરાર તક પણ છે અને પરીક્ષા પણ. મોટા ઉદ્યોગો માટે વિદેશી બજારમાં પ્રવેશ મેળવવો તુલનાત્મક રીતે સરળ હોઈ શકે છે, જ્યારે નાના ઉત્પાદકોને બજારની માહિતી, નાણાંકીય સહાય, ગુણવત્તા પ્રમાણપત્રો અને વિદેશી વેપારની પ્રક્રિયા અંગે માર્ગદર્શનની જરૂર પડી શકે છે. સરકાર અને સંબંધિત સંસ્થાઓ તરફથી જરૂરી સહાય મળે તો કરારનો લાભ વધુ વ્યાપક બની શકે છે. બીજી તરફ, મુક્ત વેપારનો અર્થ માત્ર ભારતને નિકાસની તક મળવી નથી. ન્યૂઝીલેન્ડના ઉત્પાદનો માટે પણ ભારતીય બજારમાં તકો વધશે. તેથી ભારતીય ઉત્પાદકોએ સ્પર્ધા માટે તૈયાર રહેવું પડશે. ગુણવત્તા, કાર્યક્ષમતા અને નવીનતામાં આગળ રહેલા ઉદ્યોગો નવી પરિસ્થિતિમાં પોતાની બજાર સ્થિતિ મજબૂત કરી શકે છે, જ્યારે જૂની પદ્ધતિઓ પર નિર્ભર ઉદ્યોગો માટે પડકાર ઊભો થઈ શકે છે. આથી હવે જરૂરી છે કે વેપાર કરાર માત્ર કાગળ પરનો કરાર બનીને ન રહે. નિકાસકારોને સરળ પ્રક્રિયા, યોગ્ય માહિતી અને જરૂરી સહાય મળે તે સુનિશ્ચિત કરવું પડશે. ખાસ કરીને નાના ઉદ્યોગો અને સ્થાનિક ઉત્પાદકો સુધી આ કરારની તકો અને નિયમોની માહિતી પહોંચાડવી જરૂરી છે. ભારતની અર્થવ્યવસ્થામાં નિકાસનું મહત્વ સતત વધી રહ્યું છે. વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા વચ્ચે નવા બજારો શોધવા જરૂરી બન્યા છે. વિવિધ દેશો સાથે વેપાર સંબંધો મજબૂત કરવાથી ભારતીય વેપારમાં વૈવિધ્ય આવી શકે છે. ન્યૂઝીલેન્ડ સાથેનો કરાર પણ આ વ્યાપક દિશાનો એક ભાગ છે. આ કરારથી રોકાણની નવી શક્યતાઓ પણ ઊભી થઈ શકે છે. વેપાર અને રોકાણ એકબીજા સાથે જોડાયેલા છે. વેપાર વધે ત્યારે કંપનીઓ ઉત્પાદન, વિતરણ અને સેવાઓના ક્ષેત્રમાં નવી તકો શોધી શકે છે. જો આ તકો ભારતમાં ઉત્પાદન અને રોજગાર વધારવામાં મદદરૂપ બને તો તેનો લાભ વધુ વ્યાપક બની શકે છે. પરંતુ કોઈપણ કરાર પોતે વિકાસની ખાતરી આપતો નથી. કરાર તક આપે છે, જ્યારે તેનો લાભ ઉદ્યોગો, નિકાસકારો અને સરકારની કામગીરી પર આધાર રાખે છે.

# રાજુલાના પરિવારે અનોખી રીતે કરી ઈશ્વરની આરાધના, ૪ કિ.મી. સુધી સૂતા-સૂતા રામાપીરના ધામે પહોંચ્યો સંઘ

**મનુભાઈ બારીયા સહિત પરિવારજનો અને મિત્રમંડળે ભક્તિભાવ સાથે માનતા પૂર્ણ કરી**

રાજુલા,તા.૨૨

રાજુલા શહેરના મનુભાઈ ભાયાભાઈ બારીયા સહિત પરિવારજનો, કુટુંબીજનો અને મિત્રમંડળ દ્વારા ખાંભલીયા ગામે આવેલા રામદેવપીરના મંદિરે માનતા પૂર્ણ થતાં અનોખી રીતે આરાધના કરવામાં આવી હતી. અંટાળીયા મહાદેવ મંદિરેથી રવાના થયેલા સંઘે આશરે ૪ કિ.મી.નું અંતર સૂતા-સૂતા પૂર્ણ કર્યું હતું. ડીજેના તાલે રામાપીરના જયઘોષ સાથે ભક્તો આગળ વધ્યા હતા. રસ્તામાં બાલાજી ફ્લાય પ્રોડક્ટના માલિક ગજેન્દ્રસિંહ પરમાર અને મિત્રમંડળ દ્વારા સંઘનું સ્વાગત કરી ચા-પાણી તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તિ અને શ્રધ્ધાથી ભરેલા આ અનોખા ધાર્મિક પ્રવાસે રાજુલા પંથકમાં લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.


તસવીર : ગોપાલ રાઠોડ

# રાજુલા-સાવરકુંડલા રોડ ઉપર આવેલા સુરાપુરા ધાના દાદાના મંદિરમાંથી છત્તરની ચોરી

**અજાણ્યા તસ્કર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૨૨

રાજુલા-સાવરકુંડલા રોડ ઉપર આવેલા સુરાપુરા ધાના દાદાના મંદિરમાંથી છત્તરની ચોરી થઈ હતી. આ અંગે નવી માંડરડી ગામના પુરુષે અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. કથડભાઈ કુંભાભાઈ બલદાણીયા (ઉ.વ.૬૨)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજુલા-સાવરકુંડલા રોડ ઉપર આવેલા બલદાણીયા પરિવારના સુરાપુરા ધાના દાદાના મંદિરમાં સુરાપુરા દાદાને અલગ અલગ ભક્તોએ ધાર્મીક અર્પણ તરીકે ચડાવેલા નાના-મોટા કુલ-૫૫ થી ૬૦ ચાંદીના છત્તરોની અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની અંદાજીત કિ.રૂ.૮૫,૦૦૦ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એલ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી નગરપાલિકા દ્વારા ૨૩ અને ૩૦ સપ્ટેમ્બરે શહેરી સેવાસેતુ કાર્યક્રમ

**નાગરિકોને રહેઠાણ નજીક વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ મળશે**

અમરેલી, તા.૨૨

ગુજરાત સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને સતત મળી રહે તેમજ સરકારી સેવાઓ રહેઠાણની નજીક અને તે જ દિવસે ઉપલબ્ધ થાય તે હેતુથી અમરેલી નગરપાલિકા દ્વારા શહેરી સેવાસેતુ કાર્યક્રમના ૧૨મા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૩ સપ્ટેમ્બરે સવારે ૯ વાગ્યાથી અમરેલી નગરપાલિકા કચેરી ખાતે તથા તા. ૩૦ સપ્ટેમ્બરે સવારે ૯ વાગ્યાથી જેશીંગપરા પટેલવાડી, શિવાજી ચોક ખાતે કાર્યક્રમ યોજાશે.

અમરેલી શહેરના તમામ વોર્ડના નાગરિકો અને લાભાર્થીઓને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ લેવા નગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જાફરાબાદમાં જમાઈએ સસરાને ઝાપટ મારી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદમાં જમાઈએ સસરાને જાપટ મારી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે રમેશભાઈ પાચાભાઈ પરમાર (ઉ.વ.૫૮) એ બાબરકોટ ગામે રહેતા રવજીભાઈ આતુભાઈ સાંખટ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની દિકરી અંજલીબેનના લગ્ન આરોપી સાથે ત્રણ વર્ષ પહેલા થયા હતા. તેમની દિકરીને આરોપી સાથે માથાકુટ થઈ હોવાથી હાલ તેમની દિકરી અંજલીબેન તથા તેમની દિકરી અન્વી તેમના ઘરે રહેતા હોવાથી આરોપીને ગમતું નહોતું. તેઓ પોતાની દિકરીની દિકરી અન્વીને તેડીને કોલોનીના ગેઈટ પાસે ઉભા હોય તે દરમ્યાન આરોપીએ ત્યાં આવી અન્વીને ખેંચી લેવાની કોશિષ કરી હતી પરંતુ તેમણે અન્વીને આપી નહોતી, જેથી આરોપીએ તેમની સાથે બોલાચાલી કરી એક ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રવજીભાઈ આતુભાઈ સાંખટ (ઉ.વ.૨૮) એ રમેશભાઈ પાચાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીની દિકરી દોઢેક વર્ષથી તેમના પિયરે રીસામણે હતી અને તેની દિકરી તેની સાથે હતી. આરોપી તેની દિકરીને તેડીને ઉભા હતા. જેથી તેઓ દિકરીને રમાડવા જતા આરોપીએ કહ્યું કે દીકરી તો તને મળશે જ નહીં તારાથી થાય તે કરી લે કહી એક ઝાપટ મારી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબ આર બી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના અમરાપુર ગામે રહેતી પરિણીતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપી ગાળો આપી

વડિયા, તા.૨૨

વડિયાના અમરાપુર ગામે રહેતી કિષ્નાબેન રમેશભાઈ ગેવરીયા (ઉ.વ.૨૫)એ હાલ લીરા, આફ્રિકા રહેતા પતિ ખુશાલભાઈ બાલુભાઈ ભંડેરી, સાવરકુંડલાના નેસડી ગામે રહેતા સસરા બાલુભાઈ મોહનભાઈ ભંડેરી અને સાસુ કાંતાબેન બાલુભાઈ ભંડેરી તેમજ સાવરકુંડલાના જીરા ગામે રહેતા માસીજી રસીલાબેન ભનુભાઈ ચોવડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેમના પતિ આફ્રિકા ખાતે રહેતા હતા તે વખતે આફ્રિકા ખાતે ગયા હતા.પતિ સાથે આફ્રિકા ખાતે રોકાયેલા તે દરમ્યાન પતિએ તેમને મારે તને નથી જોઈતી તેમ કહી શરીરે આડેધડ માર માર્યો હતો.

સસરા અને સાસુએ તેમને જમવા બાબતે તથા ઘર કામ બાબતે મેણા ટોણા મારી શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપ્યો હતો. માસીજીએ પરિણીતાની ચારિત્ર્ય પર આક્ષેપ કરી ગાળો આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૨૪ સપ્ટેમ્બરે ક્લસ્ટર ભરતીમેળો

અમરેલી,તા.૨૨

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભાવનગર તથા જિલ્લા રોજગાર કચેરી, અમરેલી અને બોટાદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪ સપ્ટેમ્બર, ગુરુવારે સવારે ૧૦ વાગ્યે ભાવનગરના મોતીબાગ ટાઉન હોલ સ્થિત અટલ બિહારી ઓડિટોરિયમ હોલ ખાતે ક્લસ્ટર ભરતીમેળો યોજાશે. ભરતીમેળામાં SSC, HSC, સ્નાતક, અનુસ્નાતક, ITI અને ડિપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારોને વિવિધ જગ્યાઓ પર ભરતીની તક મળશે. જેમાં મશીન ઓપરેટર, ટેકનિશિયન, સુપરવાઈઝર, સેલ્સ એક્ઝિક્યુટિવ, રિલેશનશિપ મેનેજર, માર્કેટિંગ, બ્રાન્ચ મેનેજર સહિતની જગ્યાઓનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ રિઝ્યુમની નકલ સાથે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૬૦ | ૧૯૨૮ |
| ઘઉં લોકવન | ૫૫૮ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૧ |
| જુવાર સફેદ | ૧૩૩૦ | ૧૫૫૭ |
| જુવાર લાલ | ૧૨૩૫ | ૧૩૫૦ |
| બાજરી | ૩૬૧ | ૪૪૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૮૭૬ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૩૩૫ |
| ચણા સફેદ | ૧૩૭૦ | ૧૯૪૦ |
| અડદ | ૧૪૨૦ | ૧૮૪૮ |
| મગ | ૧૧૧૦ | ૧૭૨૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૫૦ |
| ચોળી | ૯૧૦ | ૧૪૮૦ |
| વટાણા | ૫૫૮ | ૮૯૫ |
| રાજમા | ૮૮૦ | ૨૨૩૧ |
| સીંગદાણા | ૧૬૦૧ | ૨૦૬૦ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૫૮૬ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૫૫૮ |
| તલી | ૨૦૦૦ | ૨૪૭૪ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૬૦ |
| અજમો | ૩૦૦૦ | ૩૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૨૭૮ |
| સીંગફાડા | ૧૨૦૧ | ૧૮૨૫ |
| કાળા તલ | ૨૩૫૦ | ૩૫૦૦ |
| લસણ | ૧૧૦૦ | ૨૪૫૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૭૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૭૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૧૫ | ૪૧૦૭ |
| રાય | ૧૩૨૦ | ૧૯૫૬ |
| મેથી | ૯૩૦ | ૧૬૯૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૪૭ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૦૦ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૯૯૦૦ |
| ગુવારનું બી | ૧૧૧૦ | ૧૨૫૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૭૫૪ | ૩૫૫૩ |

| | | |
|---|---|---|
| પપૈયા | ૧૫૯ | ૩૨૧ |
| બટેટા | ૧૦૭ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૩૫૫ | ૮૬૫ |
| ટમેટા | ૨૫૯ | ૪૮૪ |
| સુરણ | ૪૨૫ | ૬૧૫ |
| કોથમરી | ૨૦૧ | ૩૯૨ |
| મુળા | ૨૨૧ | ૪૧૨ |
| રીંગણા | ૨૭૧ | ૫૧૩ |
| કોબીજ | ૧૨૮ | ૨૧૨ |
| ફ્લાવર | ૨૦૧ | ૪૨૧ |
| ભીંડો | ૪૪૧ | ૬૧૫ |
| ગુવાર | ૭૯૧ | ૧૨૨૭ |
| ચોળાસીંગ | ૫૮૧ | ૭૭૯ |
| વાલોળ | ૩૦૧ | ૫૧૦ |
| ટીંડોળા | ૩૬૧ | ૭૭૧ |
| દુધી | ૧૨૭ | ૨૧૧ |
| કારેલા | ૧૮૮ | ૨૪૧ |
| સરગવો | ૫૫૮ | ૧૧૨૧ |
| તુરીયા | ૨૭૩ | ૫૬૯ |
| પરવર | ૩૧૭ | ૫૭૪ |
| કાકડી | ૪૮૨ | ૭૦૨ |
| ગાજર | ૨૯૩ | ૫૦૨ |
| વટાણા | ૧૬૨૬ | ૨૪૪૧ |
| કંટોળા | ૧૦૪૧ | ૧૪૫૧ |
| ગલકા | ૨૫૪ | ૪૧૮ |
| બીટ | ૩૧૯ | ૫૨૨ |
| મેથી | ૪૮૨ | ૭૯૨ |
| વાલ | ૩૧૮ | ૫૨૭ |
| ડુંગળી લીલી | ૨૧૭ | ૩૩૧ |
| આદુ | ૧૪૩૨ | ૩૨૨૭ |
| મરચા લીલા | ૭૫ | ૨૪૮ |
| હળદર લીલી | ૧૨૧૧ | ૧૪૨૧ |
| લસણ લીલું | ૧૪૮૯ | ૨૦૦૭ |
| મગફળી લીલી | ૫૨૫ | ૮૧૧ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૨૮૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૮૫૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૪૬ |

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૧૦૨૧ | ૧૭૪૬ |
| સિંગદાણા જાડા | ૧૭૧૧ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૯૮૧ | ૧૭૭૧ |
| એરંડા/એરંડી | ૧૧૭૬ | ૧૫૦૧ |
| જીરૂ | ૨૪૭૬ | ૪૨૩૧ |
| વરીયાળી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૦૧ |
| અડદ | ૫૦૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૨૧ |
| રાય | ૧૫૦૧ | ૧૭૫૧ |
| મેથી | ૧૦૮૧ | ૧૬૦૧ |
| સુવાદાણા | ૧૨૨૬ | ૧૨૨૬ |
| કાંગ | ૪૫૧ | ૭૭૧ |
| મગફળી જાડી | ૯૬૧ | ૧૬૪૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૫૭૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૩૫ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૬૧૧ | ૧૩૬૧ |
| મકાઇ | ૪૨૧ | ૫૮૧ |
| મગ | ૭૦૧ | ૧૬૧૧ |
| વાલ | ૫૦૧ | ૧૫૦૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૮૭૬ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૧૬૬ |
| ગોગળી | ૮૫૧ | ૧૩૬૧ |
| વટાણા | ૩૦૧ | ૫૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૬૦ |
| મરચા | ૧૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૪૦ | ૧૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| પુટાણા | ૧૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૩૬૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૨ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૩૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૭૬૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૬૬૫ |
| તલ કાશમીરી | ૨૧૪૦ | ૨૪૭૦ |
| બાજરો | ૩૮૦ | ૪૮૫ |
| જુવાર | ૧૧૦૦ | ૧૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૮૫ |
| મગ | ૧૫૩૦ | ૧૫૫૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| સફેદ ચણા | ૧૨૨૦ | ૧૨૭૦ |
| વટાણા | ૪૩૫ | ૪૩૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૭૨૫ |
| કપાસ | ૧૦૪૦ | ૧૯૯૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૪૫૫ |

| | | |
|---|---|---|
| જીરુ | ૩૪૦૦ | ૩૮૫૫ |
| રાય | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ગમ ગુવાર | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ધાણી | ૨૧૩૦ | ૨૯૦૫ |
| અજમાં | ૨૨૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૮૩૨૦ |
| કલોંજી | ૨૫૭૫ | ૩૭૦૦ |
| કળથી | ૪૫૫ | ૪૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૧૦ | ૨૨૦ |
| રીંગણા | ૧૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૩૫૦ |
| શક્કરીયા | ૮૫૦ | ૧૧૮૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૯૨૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૨૦ | ૬૨૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૪૧૦ | ૫૩૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૨૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ચીભડા | ૪૫૦ | ૭૫૦ |
| લીલી તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| આદુ | ૧૨૨૦ | ૧૩૩૦ |
| કોથમીર | ૧૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૫૦ | ૬૫૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૫૨૦ | ૬૨૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૪૧૦ |
| શીંગઓળા | ૭૫૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૭૦૦ | ૮૮૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૫૩૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૧૧ | ૧૪૩૪ |
| તલ સફેદ | ૧૯૧૧ | ૨૫૧૧ |
| તલ કાળા | ૨૬૭૫ | ૩૫૬૪ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૬૫ |
| કપાસ | ૧૬૫૦ | ૨૦૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૨ |
| બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| જુવાર | ૬૫૦ | ૧૪૫૧ |
| મકાઈ | ૫૦૦ | ૭૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૦૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| રાય/રાયડો | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૬૫૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૪૦૨૦૦૦ | |
| કપાસ મીડી. | ૧૧૦૦ | ૧૫૭૦ |
| જીરૂ | ૩૬૪૦ | ૪૧૩૦ |
| ચણા | ૧૧૯૦ | ૧૩૦૫ |
| ઘઉં | ૫૧૧ | ૫૭૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૯૬૨ |
| સોલે ચણા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૬ |

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૨૧૯૫ | ૨૨૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૨૭ |
| સોયાબીન | ૧૧૧૪ | ૧૧૨૮ |
| ધાણા | ૧૫૦૦ | ૨૬૪૦ |
| લસણ | ૮૦૦ | ૧૧૯૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૮૦ |
| મગ | ૧૪૪૦ | ૧૫૯૦ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી | ૨૩૫ | ૨૩૫ |
| અડદ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૭૬ | ૧૫૫૫ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૫૩૫ |
| ચણા | ૧૦૯૮ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૨૫ | ૧૬૪૫ |
| બાજરો | ૩૫૫ | ૪૫૧ |
| અડદ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| એરંડા | ૧૩૬૫ | ૧૩૬૫ |
| દાણા | ૧૫૬૦ | ૧૮૨૫ |
| **મહુવા** | | |
| શીંગ જી ૨૦ | ૧૧૩૨ | ૧૩૦૦ |
| શીંગ ૩૯ | ૮૬૫ | ૧૨૭૨ |
| શીંગ મીનાક્ષી | ૧૧૧૧ | ૧૧૧૧ |
| એરંડા | ૧૧૮૫ | ૧૧૮૫ |
| જુવાર | ૩૦૦ | ૧૧૦૨ |
| ઘંઉ ટુકડા | ૪૫૮ | ૬૫૫ |
| મેથી | ૮૦૦ | ૧૧૯૦ |
| અડદ | ૮૮૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૯૩૫ | ૯૩૫ |
| તલ સફેદ | ૧૩૯૦ | ૨૪૨૮ |
| તલ કાળા | ૧૦૪૯ | ૩૫૦૧ |
| ધાણા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૪૧૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૮૧૮ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૬૦૪ |
| નાળીયેર | ૫૭૦ | ૨૬૭૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૨૭ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૦૦ | ૬૨૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૨૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૨૪૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૪૪૫ |
| રજકો | ૬૫૦૦ | ૮૯૨૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૪૪૧ |
| કપાસ | ૧૪૩૨ | ૧૫૮૪ |
| બાજરો | ૫૦૧ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૪ |
| જુવાર | ૮૫૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ચણા | ૧૧૭૦ | ૧૩૧૯ |
| જીરૂ | ૩૭૬૦ | ૩૭૬૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૩૦ | ૧૩૩૦ |
| બાજરી | ૪૧૫ | ૪૩૦ |
| ઘઉં | ૪૪૦ | ૬૧૪ |
| મગ | ૧૩૫૫ | ૧૫૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૨૭૯ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૧૭૫૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તલી | ૨૨૪૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૨૯૬૧ |
| લસણ | ૧૦૦૦ | ૨૨૯૫ |
| કપાસ | ૧૫૪૦ | ૧૯૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૨૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૨૫ |
| વટાણા | ૫૮૦ | ૬૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૫૧ |
| ઘઉં | ૫૦૧ | ૬૦૧ |
| બાજરો | ૨૦૧ | ૩૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૨૬ |
| તુવેર | ૧૫૦૧ | ૧૭૪૬ |
| મગફળી | ૮૦૧ | ૧૨૪૬ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૧૮૩૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૪૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૫૬૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૮૬ |


06
લાગે તો તીર : બોવ જાજા ટાઈમે બકાએ હાજરી પુરાવી

# યુપીઆઈ પર ચાર્જથી કોને ફાયદો ?

યુપીઆઈ પર ચાર્જનો નિર્ણય અમેરિકાના દબાણ હેઠળ લેવાયો છે ?

કેન્દ્ર સરકારે યુનિફાઈટ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા થતી રૂપિયા ૨૦૦૦થી વધારેની ચૂકવણી પર ૧૫ ઓક્ટોબરથી ૦.૪૦ ટકા ચાર્જ લેવાની જાહેરાત કરી તેના પગલે આ સવાલ ચર્ચામાં છે. અત્યાર લગી યુપીઆઈ પેમેન્ટ પર કોઈ ચાર્જ નહોતો લાગતો. ૧૫ ઓક્ટોબરથી યુપીઆઈથી બે હજાર રૂપિયાથી વધારેની ચૂકવણી પર ૦.૪૦ ટકા ચાર્જ લાગશે. ૭૫ હજારથી વધારેની ગમે તેટલી ચૂકવણી પર ફિક્સ ૩૦૦ રૂપિયા ચાર્જ લાગશે. મતલબ કે, યુપીઆઈ પેમેન્ટ પરના ચાર્જની મહત્તમ મર્યાદા ૩૦૦ રૂપિયા નક્કી કરાઈ છે. રૂપે ડેબિટ કાર્ડ દ્વારા થતા પેમેન્ટને પણ નિયમો લાગુ પડવાના છે.




આ જાહેરાત સામે કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, અમેરિકન કંપનીઓના દબાણ હેઠળ આ નિર્ણય લેવાયો છે કેમ કે યુપીઆઈથી ચૂકવણી પર કોઈ ચાર્જ નથી લેવાતો તેના કારણે અમેરિકન કંપનીઓને નુકસાન થાય છે. આ કંપનીઓના દબાણ હેઠળ અમેરિકન સરકારે ભારત સરકાર પર દબાણ કર્યું તેથી કેન્દ્ર સરકારે યુપીઆઈ પેમેન્ટ પર ચાર્જ ઠોકી દીધો છે. આ ચાર્જના કારણે મોંઘવારીમાં પિસાતાં લોકો પર બોજ વધશે એવો પણ કોંગ્રેસનો આક્ષેપ છે.

ભાજપ સરકારે આ આક્ષેપને વાહિયાત ગણાવ્યો છે. કેન્દ્ર સરકારે ચોખવટ કરી છે કે, સામાન્ય લોકો પર કોઈ પણ પ્રકારનો વધારાનો બોજ નથી આવવાનો કેમ કે ૦.૪૦ ટકા ચાર્જ વેપારીઓએ ભોગવવાનો છે. કેન્દ્ર સરકારે અમેરિકન કંપનીઓના દબાણ હેઠળ નિર્ણય લેવાય હોવાની વાતને પણ ખોટી ગણાવીને સ્પષ્ટતા કરી છે કે, યુપીઆઈનો ઉપયોગ અત્યંત ઝડપ વધી રહ્યો હોવાથી યુપીઆઈને સુરક્ષિત રાખવા, સાયબર ફ્રોડ રોકવા, ટેકનોલોજી અપગ્રેડ કરવા અને પેમેન્ટ સિસ્ટમની મજબૂતાઈ જાળવી રાખવાનો ખર્ચ વધી રહ્યો છે. દેશમાં ડિજિટલ પેમેન્ટમાંથી ૮૫ ટકા પેમેન્ટ યુપીઆઈથી થતા હોવાથી સાયબર ફ્રોડ પણ વધી રહ્યા છે તેથી સિસ્ટમને મજબૂત કરવી જરૂરી છે અને એ માટે સતત ખર્ચ કરવો પડે. સરકાર લાંબા સમયથી આ ખર્ચ કરી રહી છે પણ સામે ખર્ચ વધી રહ્યો છે તેથી ખર્ચને પહોંચી વળવા અને વધારાની આવક ઉભી કરવા માટે આ ટેક્સ લાદવો પડ્યો છે.

આ દલીલ સાચી છે કે નહીં એ તપાસી લઈએ.

યુપીઆઈ ચલાવવાનો ખર્ચ કેટલો છે ?

કેન્દ્ર સરકારની માલિકીની નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ યુપીઆઈ સિસ્ટમ ચલાવવા માટે વરસે ૮૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. ભારતમાં યુપીઆઈનો ઉપયોગ વધી રહ્યો છે તેથી આ ખર્ચ પણ વધી રહ્યો છે એટલે બે વર્ષમાં યુપીઆઈ સિસ્ટમ ચલાવવાનો ખર્ચ વધીને ૧૦ હજાર કરોડ રૂપિયા થઈ જશે એવું મનાય છે.

કેન્દ્ર સરકાર પહેલાં બજેટમાં યુપીઆઈ સિસ્ટમ માટે સારી ફાળવણી કરતી હતી પણ ધીરે ધીરે આ રકમ ઘટી રહી છે તેથી બેંકો અને ફિનટેક કંપનીઓએ આ ખર્ચ ઉઠાવવો પડે છે. ૨૦૨૩-૨૪ માં કેન્દ્ર સરકારે ડિજિટલ ચુકવણી માટે ૩,૯૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા પણ ૨૦૨૫-૨૬ માં આ ફાળવણી ઘટાડીને માત્ર ૪૨૭ કરોડ રૂપિયા કરી દેવાઈ. કેન્દ્ર સરકારે ૨૦૨૬-૨૭માં ૨૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે પણ આ ફાળવણી રૂપે ડેબિટ કાર્ડ અને ભીમ એપના પ્રમોશન માટે છે.


બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

આ આંકડા જોયા પછી લાગે કે, કેન્દ્ર સરકારની દલીલ સૈધ્ધાંતિક રીતે સાચી છે. ભારતમાં યુપીઆઈને જોરદાર સફળતા મળી જ છે તેથી તેનો વપરાશ વધી રહ્યો છે. તેના કારણે સાયબર ક્રાઈમ વધ્યા છે તેથી સિસ્ટમને મજબૂત કરવી પડે ને એ માટે ખર્ચ પણ કરવો પડે પણ આ ખર્ચને પહોંચી વળવા માટે ટેક્સ લાદવો જ પડે એવી સ્થિતી નથી જ.

યુપીઆઈની માલિકી કેન્દ્ર સરકારની છે અને તેનું સંચાલન એનપીસીઆઈ કરે છે. રીઝર્વ બેંક અને બેંકોના બનેલા ઈન્ડિયન બેંક એસોસિએશને બનાવેલા એનપીસીઆઈને યુપીઆઈ ચલાવવા માટે કે તેને મજબૂત કરવા માટે જોઈતાં નાણાં બેંકો આપી શકે તેમ છે જ. ઈન્ડિયન બેંક એસોસિએશનમાં ૨૪૭ બેંકો અને નાણાંકીય સંસ્થાઓ સભ્ય છે. યુપીઆઈ સાથે જોડાયેલી બેંકોની સંખ્યા તો જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૭૪૧ હતી. આપણે આ બેંકોને ગણતરીમાં ન લઈએ ને એસોસિએશનની બેંકો તથા નાણાંકીય સંસ્થાઓ વચ્ચે જ ૧૦ હજાર કરોડ રૂપિયાને વહેંચીએ તો દરેકના ભાગમાં ૪૦ કરોડ રૂપિયા આવે. કોઈ પણ બેંક કે નાણાં સંસ્થા માટે આ રકમ મોટી નથી. વાસ્તવમાં યુપીઆઈને કારણે બેંકો તથા નાણાં સંસ્થાઓને તેનાથી વધારે તો બચત જ થઈ ગઈ છે.

યુપીઆઈ સિસ્ટમને કારણે બેંકો પરની જવાબદારી ઘટી છે તેથી નવી ભરતી કરવી પડતી નથી. બેંકો શાખાઓ પણ બંધ કરી રહી છે, સરકાર મર્જર કરીને સરકારી બેંકોની સંખ્યા ઘટાડી રહી છે. યુપીઆઈના કારણે ચેક, સ્લિપ્સ વગેરે સ્ટેશનરીના ખર્ચમાં પણ જંગી ઘટાડો થયો છે એ જોતાં બેંકોને જોરદાર બચત થઈ જ રહી છે. આ બચત યુપીઆઈ સિસ્ટમને મજબૂત કરવા વાપરી શકાય.

યુપીઆઈ પર ચાર્જથી અમેરિકાને ફાયદો છે ?

અમેરિકાને સીધી રીતે કોઈ ફાયદો નથી પણ અમેરિકન કંપનીઓને ચોક્કસ ફાયદો છે. અત્યારે ભારતમાં થતાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન્સમાંથી ૮૦ ટકા અમેરિકાની બે કંપનીઓ ગુગલ પે અને ફોનપે મારફતે થાય છે. ફોનપે વોલમાર્ટ ગ્રુપની કંપની છે જ્યારે ગુગલ પે ગુગલ ગ્રપની કંપની છે. આ બંને કંપની મારફતે ભારતમાં અબજોનાં ટ્રાન્ઝેક્શન્સ થાય છે પણ બદલામાં કંઈ મળતું નથી. હવે ૦.૪ ટકા એમડીઆર લાગશે તેથી બંને કંપનીઓને આર્થિક ફાયદો થશે જ. ભારતમાં દર મહિને ૨૦ અબજથી વધારે ટ્રાન્ઝેક્શન્સ થાય છે ને તેમાંથી રકમની રીતે ૬૫ ટકાથી વધારે ટ્રાન્ઝેક્શન્સ બે હજાર રૂપિયાથી વધારેનાં હોય છે. આ નિયમના કારણે આ બંને કંપનીઓને દર મહિને અબજો રૂપિયાની કમાણી થવા માંડશે.

આ સિવાય બીજી બે અમેરિકન કંપનીઓ વિઝા અને માસ્ટરકાર્ડને પણ ફાયદો થશે. વિશ્વમાં વિઝા અને માસ્ટરકાર્ડ સૌથી મોટી પેમેન્ટ કંપનીઓ છે. અમેરિકાની આ બંને કંપનીઓ વરસોથી ઝીરો પર્સેન્ટ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) આધારિત યુપીઆઈ સિસ્ટમનો વિરોધ કરે છે કેમ કે તેના કારમે લોકો ક્રેડિટ કાર્ડનો ઓછો ઉપયોગ કરી રહ્યાં છે.

પહેલાં દુબઈ, સિંગાપોર કે મોરેશિયસ જતા ભારતીયો માસ્ટરકાર્ડ કે વિઝા કાર્ડથી પેમેન્ટ કરતાં ને તેમાં કમિશન મળતું તેથી અમેરિકન કંપનીઓને ઘી-કેળાં હતાં. હવે યુપીઆઈથી સીધું ખાતામાંથી જ પેમેન્ટ કરી દેવાય છે એટલે કમિશન બંધ થઈ ગયું છે. પહેલાં પેમેન્ટ કરવા માટે એક ચલણ આપીને બીજું ચલણ લેવું પડતું તેમાં અમેરિકાની કંપનીઓ કમાતી હતી. હવે રૂપિયો ઘણા દેશોમાં ચાલે છે તેથી કન્વર્ઝન ચાર્જ બંધ થઈ ગયો તેના કારણે પણ અમેરિકન કંપનીઓને નુકસાન છે. હવે થોડાંક લોકો પણ ક્રેડિટ કાર્ડ તરફ વળે તો બંને કંપનીઓને ફાયદો જ છે. વિઝા અને માસ્ટરકાર્ડ સહિતની કંપનીઓનું બનેલું અમેરિકન ક્રેડિટ અને ડેબિટ કાર્ડ નેટવર્ક દરેક સ્વાઈપ પર વેપારીઓ પાસેથી ચોક્કસ ટકાવારી ફી તરીકે વસૂલે છે તેથી ભારતમાં પણ એવું મોડલ હોવું જોઈએ એવી તેમની માગણી હતી તેના કારણે અમેરિકાના દબાણ હેઠળ નિર્ણય લેવાયો હોવાની છાપ પડી છે.

યુપીઆઈ પર ચાર્જથી ગ્રાહકોને નુકસાન છે ?

કેન્દ્ર સરકાર ના પાડે છે પણ આ વાત કોઈને ગળે ઉતરતી નથી કેમ કે ભારતમાં બધો ભાર છેવટે ગ્રાહકો પર જ આવે છે. અત્યારે ભલે વેપારીઓ આ ચાર્જ ભોગવશે એવી જાહેરાત કરાઈ હોય પણ વેપારીઓ પોતાના નફામાં કાપ મૂકે એ વાતમાં માલ નથી. વેપારીઓ કિંમતમાં વધારો કરીને પણ આ ચાર્જ ગ્રાહકો પાસેથી જ વસૂલશે એવો લોકોને ડર છે ને અત્યાર સુધીનો અનુભવ જોતાં આ ડર સાચો લાગી રહ્યો છે. આ ચાર્જની રકમ બહુ નાની હશે પણ કોઈને પણ ખિસ્સામાંથી વધારાની રકમ આપવી પડે એ ગમતું નથી તેથી ગ્રાહકો પણ નારાજ થશે જ.

# પ્રેમલા-પ્રેમલીની વાર્તાઓથી પર રોમાન્સ 'હાર્ટ ઓફ ધ બીસ્ટ'




જ્યારે પણ સિનેમાના પડદા પર 'રોમાંસ' શબ્દ સંભળાય, ત્યારે આપણા ગુજરાતીઓના મગજમાં પહેલો વિચાર મલ્ટિપ્લેક્સના ખૂણાની સીટ, મોંઘા પોપકોર્ન અને પડદા પર હીરો-હીરોઈનનું ગીતો ગાતાં-ગાતાં ઝાડ ફરતે ગોળ-ગોળ ફરવું જ આવે! પરંતુ આગામી ૨૫ સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહેલી હોલીવુડ ફિલ્મ 'હાર્ટ ઓફ ધ બીસ્ટ'(**Heart of the Beast**) પ્રેમની વ્યાખ્યાને થોડી 'ઠંડી' અને વધુ પવિત્ર કરવા આવી રહી છે. આ ફિલ્મ આપણને અંગ્રેજી સાહિત્યના 'એજ ઓફ રોમેન્ટિસિઝમ' (**Age of Romanticism**) ની યાદ અપાવે છે, જ્યાં રોમાંસ માટે કોઈ સુંદરીના આકર્ષણની નહીં, પણ પ્રકૃતિની ગોદ અને જીવમાત્ર વચ્ચેના અતૂટ જોડાણની જરૂર પડતી હતી. એટલે આ મૂવીમાં બ્રેડ પિટ કોઈ પ્રેમિકા સાથે નહીં, પણ અલાસ્કાના માઈનસ ડીગ્રી તાપમાનવાળા ભયાનક બરફીલા જંગલમાં એક જર્મન શેફર્ડ કૂતરા (**Combat Dog**) સાથે ઈશ્ક... સોરી, વફાદારી લડાવતો જોવા મળશે!

અત્યાર સુધી આપણે રૂપેરી પડદા પર શ્વાન-પ્રેમની અનેક સુપરહિટ ફિલ્મો જોઈને થિયેટરમાં રૂમાલ ભીના કર્યા છે. હોલીવુડમાં લાગણીઓનો ધોધ વહાવનારી **Hachiko: A Dog's Tale, Marley & Me, Eight Below, A Dog's Purpose, The Call of the Wild, Togo, Benji** અને **Turner & Hooch** જેવી ફિલ્મો હોય, કે પછી બોલીવુડમાં રડાવી દેનારી તેરી મહેરબાનીયાં (જેનો પેલો કૂતરો 'મોતી' આજેય અમર છે!), સલમાન ખાનની હમ આપકે હૈ કૌન નો અમ્પાયર બનેલો 'ટફી', એન્ટરટેઈનમેન્ટ, ચિલ્લર પાર્ટી, દિલ ધડકને દો નો ફિલોસોફર પ્લુટો, કે પછી સાઉથની ઈમોશનલ સફર ૭૭૭ **Charlie** અને આપણા ઢોલીવુડની મજેદાર ફાઈવ વ્હોટસએપ ગ્રુપ કે લવની ભવાઈ નો ક્યૂટ કૂતરો હોય—આ બધી જ ફિલ્મોમાં આપણે માણસ અને પ્રાણીના અદ્ભુત સંબંધો જોયા છે. પરંતુ, 'હાર્ટ ઓફ ધ બીસ્ટ' આ બધાથી એક ડગલું આગળ છે! અહીં કોઈ સોફ્ટ ઈમોશનલ ડ્રામા નથી, પણ અસ્તિત્વ ટકાવી રાખવા માટે સૈનિક અને શ્વાન વચ્ચેનો પાવરફુલ રોમાંસ છે.

આ ભવ્ય એડવેન્ચરના ડાયરેક્ટર ડેવિડ આયર (જેઓ અગાઉ **Fury** અને **Suicide Squad** જેવી અસલી એક્શન ફિલ્મોથી ધમાકો કરી ચૂક્યા છે) એ પોતાના એક ઈન્ટરવ્યુમાં સાહિત્યિક રોમેન્ટિસિઝમને સપોર્ટ કરતો એક જબરદસ્ત ક્વોટ આપ્યો હતો. તેમણે કહ્યું, 'આ ફિલ્મમાં સંવાદો (**Dialogues**) બહુ ઓછા છે. વાર્તા માણસ, પ્રાણી અને પ્રકૃતિના મૌન સંવાદો અને એકબીજા પ્રત્યેના સમર્પણ પર ચાલે છે.' એટલે કે અહીં ડાયલોગબાજી વગર કેમેરાના એન્ગલ અને કૂતરાની આંખો જ બધું બોલી જશે, જેનું શૂટિંગ ગ્રીન સ્ક્રીન પાછળ નહીં પણ અલાસ્કાના અસલી બરફમાં થીજી જઈને કરવામાં આવ્યું છે.

મુખ્ય ભૂમિકામાં હોલીવુડના મોસ્ટ હેન્ડસમ મેન બ્રેડ પિટ (જેમણે અગાઉ **Fight Club** અને **Once Upon a Time in Hollywood** જેવી ફિલ્મોથી ધૂમ મચાવી છે) છે, જેમણે કૂતરા સાથે કેમિસ્ટ્રી બેસાડવા શૂટિંગ પહેલાં પૂરા ૩ મહિના તેની સાથે ગાળ્યા હતા. ફિલ્મનું પ્રોડક્શન તેમની પોતાની કંપની **'Plan B'** અને **'Amazon MGM'** એ કર્યું છે અને ઓસ્કાર વિજેતા સ્ટીવન પ્રાઈસ (ફિલ્મ **Gravity** ફેમ) નું મ્યુઝિક કુદરતના સન્નાટામાં રૂંવાડા ઉભા કરી દે તેવું છે.




ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા


વિશ્વના ખૂણે-ખૂણે વસતા ગરવી ગુજરાતીઓ માટે છેલ્લે એટલું જ કહેવાનું કે—જો તમે થિયેટરમાં બોરિંગ હીરો-હીરોઈનની નકલી લવ સ્ટોરીઓ જોઈને કંટાળ્યા હોવ અને તમારા ઘરે પાળેલા 'ટોમી' કે 'શેરુ' પ્રત્યેનો પ્રેમ અચાનક ઉભરાઈ આવ્યો હોય, તો ૨૫ સપ્ટેમ્બરે નજીકના સિનેમાહોલમાં પહોંચી જજો. બાકી અલાસ્કાના બરફમાં થીજી રહેલા બ્રેડ પિટ અને તેના કૂતરાને જોઈને, આપણે ડાયનિંગ ટેબલ પર ગરમાગરમ સુખડી ખાતા-ખાતા એટલું તો ચોક્કસ બોલી જ ઉઠીશું કે—'વાહ પિટભાઈ વાહ, કૂતરો પાળ્યો તો અલાસ્કાનો, બાકી લવ સ્ટોરી તો દુનિયા આખી કરે છે!'

# પ્રેમ આત્માની શકિત અને લાગણીની હુંફ...



ઢાઈ અક્ષર પ્રેમ કે.. આ શબ્દ નથી પરંતુ આત્માની અંદર લાગણીના પ્રાણવાયુ જીવંત રાખવાનું કાર્ય કરે છે. પ્રેમ પરમાત્માનું રૂપ છે. પ્રેમ સમર્પણ અને ત્યાગનું વિશિષ્ટ સ્વરૂપ છે. પ્રેમ તો નિજાનંદ જેવો હોવો જોઈએ.પ્રીત લગાવવાથી લાગતી નથી તેના માટે આત્માની અંદર ભાવાત્મક પ્રેમ અંકુર થાય ત્યારે એક હૃદય બીજા હૃદય સુધી પહોંચી જાય છે. પ્રેમએ સંવેદના અને વેદનાની સમજણ છે.કૃષ્ણનો રાધા પરત્વેનો પ્રેમ અતુલ્ય છે. રાધાને પણ વાંસળીની ઈર્ષ્યા આવે છે. હું આટલો પ્રેમ મારા કાનાને કરું છું, છતાં સૌથી વધારે તેના હોઠે વાસળી રહેતી હોય છે.મીરા મોહનમાં ભળી ગઈ ત્યારે તેનો સાક્ષાત્કાર થયો. પ્રેમ અર્પણ, સમર્પણ અને તર્પણનું કામ કરે છે. પ્રેમ ત્યાગનું સ્વરૂપ છે. પ્રેમમાં મેળવવા કરતા આપવામાં આનંદ છે. લવ, લાગણી અને લગાવ આ ત્રણનો ત્રિવેણી સંગમ હૃદયમાં મોજાના સ્વરૂપે વ્યક્ત થાય ત્યારે તે પ્રેમ ટોચ ઉપર હોય છે. દેવી પાર્વતીનો પ્રેમ મહાદેવના હૃદયને હચમચાવે છે. તેઓ જ પ્રેમ હોય ને ત્યારે જ બે જીવ એક થાય.

એક દિલથી બીજા દિલ સુધી પહોંચવું ખૂબ અઘરું છે, પણ કઠિન નથી. અપેક્ષા વગરનો પ્રેમ જ્યારે વાસ્તવિક સ્વરૂપ ધારણ કરે તે સમયે બે દિલોના વ્યક્તિઓ પોતાના હોવાનો ભાવ સમર્પિત કરે છે. પરિવારમાં પ્રેમ, મિત્રમાં પ્રેમ અને બે પ્રેમી પંખીડાઓનો પ્રેમ સાચો હોય તો સિંહાસન સુધી પહોંચે છે. પ્રેમ કરવા માટે પરમાત્માની પરમિશન અને સાચી ભાવના હોવી જોઈએ. પ્રેમ કોઈ બજારુ કે ટાઈમપાસ નથી. આત્માને ઓળખવાનો તેમજ એક જીવને બીજા જીવમાં રૂપાંતર કરવાનો અવસર છે. દેશના શહીદો માતૃભૂમિને પ્રેમ કરતા હતા તેના જ કારણે તેઓ આજે અમર છે.


સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

પ્રેમએ માનવ જીવનનું સૌથી સુંદર અને અર્થસભર ભાવ છે. તે માત્ર એક લાગણી નથી, પણ સમગ્ર સૃષ્ટિને બાંધી રાખતી એક અદશ્ય શક્તિ છે. જીવનમાં પ્રેમનું મૂલ્ય અને મહત્વ હોવું જોઈએ.પ્રેમ જીવનનો આધાર અને પ્રેરણા છે જે વ્યક્તિના જીવનમાં ખુશી અને સંતોષ લાવે છે.તે આપણને મુશ્કેલ સમયમાં પણ જીવવાની અને આગળ વધવાની પ્રેરણા આપે છે.પરિવાર, મિત્રો અને સ્વજનનો સાથ આપણને માનસિક મજબૂતાઈ પૂરી પાડે છે.પ્રેમમાં સંબંધોની મજબૂતાઈ અને વિશ્વાસથી સંબંધની ઈમારત ટકેલી હોય છે. જ્યાં પ્રેમ હોય ત્યાં પરસ્પર આદર, વિશ્વાસ અને સમર્પણની ભાવના કુદરતી રીતે વિકસે છે.પ્રેમ ગેરસમજોને દૂર કરીને સંબંધોમાં મધુરતા જાળવી રાખે છે.

માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે પ્રેમ એક અવલોકિક સ્વરૂપ છે.વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દષ્ટિએ પણ પ્રેમ અને સ્નેહપૂર્ણ વાતાવરણ વ્યક્તિના તણાવ (**Stress**) ને ઘટાડે છે.પ્રિયજનો સાથેનો ભાવનાત્મક લગાવ હૃદયને સ્વસ્થ રાખે છે અને જીવનની ગુણવત્તા સુધારે છે. નિઃસ્વાર્થભાવ અને પરોપકારથી પ્રેમ વ્યક્ત થઈ શકે છે. સાચો પ્રેમ ક્યારેય સ્વાર્થી હોતો નથી. તે આપણને બીજાની ખુશીમાં ખુશ થતા શીખવે છે.પ્રેમમાંથી જ દયા, ક્ષમા, સહાનુભૂતિ અને સેવા જેવા માનવીય ગુણોનો જન્મ થાય છે, જે સમાજમાં એકતા અને શાંતિ સ્થાપે છે.

આ દુનિયાની સામાજિક સમરસતા અને આટીગુટીમાં ફસાયેલો માણસ જ્યારે પ્રેમના બંધન અને લાગણીઓના પ્રવાહમાં જોડાય છે ત્યારે તેને સાચી અનુભૂતિ અનુભવાય છે. માગવાથી જે મળે છે તેમાં જે આનંદ હોવો જોઈએ તે હોતો નથી. પ્રેમ તો બે જીવોનું બ્રહ્માંડ છે. આજે જે ભૌતિક યુગમાં પ્રેમાલાપ થાય છે તે માત્ર ટાઈમપાસ છે. જે વ્યક્તિ તમને પસંદ કરે છે એ માત્ર રૂપ, સ્વરૂપ કે બાહ્ય દેહ જોઈને પ્રેમ કરતો નથી. આત્માનું મિલન ત્યારે જ થાય જ્યારે એક જીવ બીજા જીવને સમજવાની કોશિશ કરે એટલે તો કહેવાય છે કે કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી. બંજર જમીનમાં નાનું બીજ જ્યારે તેને પાણી, હવા અને હૂંફ મળે છે ત્યારે તેનું અંકુર ફૂટ્યા વગર રહેતું નથી. તેમ તમે સાચા હૃદય અને ભાવથી તેને પસંદ કરતા હોય તેજ એક દિવસ તમારા ચરણમાં હશે.

પરિવારનો પ્રેમ, પતિ પત્નીનો પ્રેમ, પ્રેમી અને પ્રિયતમાનો પ્રેમ અનેક હૃદયને શાંતિવન અર્પણ કરે છે. ડો. ઉષાબેન ભટ્ટ હંમેશા એવું કહેતા હતા કે સમજણમાં સુખ છે.એકબીજાને સમજવું એ જ સાચો પ્રેમ છે. કાજલ ઓઝાના શબ્દોમાં કહીએ તો સાચો પ્રેમ સમજણમાં રહેલો છે. મેળવવા કરતા આપવામાં જે આનંદ છે તે વૃંદાવનની પ્રતીતિ કરાવે છે. મુજમાં તું જ છે. આ ભાવ આત્માના મિલનનો પ્રવેશ માર્ગ છે. હૃદયની ઉર્મીઓ જ્યારે પ્રેમના સ્પંદનમાં જોડાય ત્યારે બ્રહ્માંડમાં પોકાર થાય છે. ત્યાગ, સમર્પણ અને અર્પણ એ જ પ્રેમની પારાશીશી છે.

પ્રેમએ કોઈ શરતો કે મર્યાદાઓનો મોતાજ નથી. તે તો એક વહેતી સરિતા છે જે દરેકના જીવનને હરિયાળું અને સુંદર બનાવે છે.પ્રેમ માત્ર બે પ્રેમી પંખીડા માટેનો નથી તેનું સ્વરૂપ તો વિશ્વ ફલક સુધી છે. પારિવારિક ભાવના, મૈત્રીતાનું પવિત્ર ઝરણું અને જેને તમે પસંદ કરતા હો તેના પરત્વેનો પ્રેમ કઠોળ હૃદયને કોમળ બનાવે છે. મહાકવિ કાલિદાસે અભિજ્ઞાન શાકુંતલમ નાટકમાં શકુંતલા અને દુષ્યંતના પ્રેમ અને પ્રણયને વૈદર્ભિ શૈલીમાં વર્ણન કર્યું છે. તે અદભુત અને અનન્ય છે. પ્રથમ દ્રષ્ટિએ થયેલો પ્રેમએ આત્માની અંદર પડેલું સૂરજનું કિરણ છે. જ્યાં પ્રેમમાં નિરંતર ઉજાસ જોવા મળે છે.

# કેન્સર કેમ થાય છે ? શરીર સાથે મન અને સંબંધોની પણ સંભાળ

લાંબા સમયનો તણાવ, ભાવનાત્મક આઘાત અને જીવનશૈલી—શું આપણે આપણા સમગ્ર આરોગ્યને પૂરતું મહત્વ આપીએ છીએ?

કેન્સરનું કારણ માત્ર એક નથી. શરીરમાં કોષોની અસામાન્ય વૃદ્ધિ પાછળ આનુવંશિક ફેરફારો, ઉંમર, તમાકુ, ધૂમ્રપાન, દારૂ, સ્થૂળતા, શારીરિક નિષ્ક્રિયતા, કેટલાક ચેપ અને પર્યાવરણીય પરિબળો સહિત અનેક બાબતોની ભૂમિકા હોઈ શકે છે. પરંતુ વ્યક્તિનું આરોગ્ય માત્ર શરીર સુધી સીમિત નથી. **Emotional health**, સતત માનસિક દબાણ, પરિવાર અને સામાજિક સંબંધો, ઊંઘ, કામનું **pressure** અને જીવનશૈલી પણ સમગ્ર આરોગ્ય પર અસર કરે છે.

જ્યારે તણાવ "ક્યારેક" નહીં, પરંતુ સતત રહે...

આજના જીવનમાં કામનું સતત **pressure**, જવાબદારીઓ, પરિવારની સમસ્યાઓ, **domestic relationships**માં તણાવ, એકલતા અને સતત **emotional stress** ઘણા લોકોના જીવનનો ભાગ બની ગયા છે.

કોઈ નજીકની વ્યક્તિનું મૃત્યુ, લાંબા સમય સુધી ચાલતો શોક, સંબંધોમાં સતત તણાવ અથવા કામનું અતિશય દબાણ વ્યક્તિના મન અને શરીર બંનેને અસર કરી શકે છે.

એક મહત્વની વાત અહીં સમજવી જરૂરી છે—**stress** અથવા કોઈ એક **emotional even**ને કેન્સરનું સીધું કારણ કહી શકાય નહીં. પરંતુ લાંબા સમય સુધી ચાલતી માનસિક પરેશાની, ઊંઘ, ખાવા-પીવાની ટેવ, શારીરિક પ્રવૃત્તિ અને અન્ય **health behaviours**ને અસર કરી શકે છે. તેથી **emotional health**ને અવગણવી પણ યોગ્ય નથી.

શરીર કંઈક કહે છે, પણ આપણે સાંભળીએ છીએ?

ઘણા લોકો પોતાના શરીરના **warning signs** કરતાં રોજિંદા કામને વધારે મહત્વ આપે છે.


"હવે સમય નથી..."

"થોડા દિવસ પછી જોઈશું..."

"**Stress**ના કારણે હશે..."

આવી માનસિકતા ક્યારેક સમયસર તપાસમાં વિલંબ કરી શકે છે. તેથી સતત રહેતા અસામાન્ય લક્ષણો, ગાંઠ, અસામાન્ય **bleeding**, લાંબી ઉધરસ, અચાનક વજનમાં ઘટાડો અથવા અન્ય **persistent changes**ને અવગણવાને બદલે સમયસર તબીબી તપાસ કરાવવી અત્યંત જરૂરી છે.

અહીં હોમિયોપેથીનો અભિગમ કેમ અલગ છે?



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

હોમિયોપેથીમાં દર્દીને માત્ર "રોગ" તરીકે જોવાને બદલે વ્યક્તિ તરીકે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દર્દીની **physical symptoms** સાથે તેની **emotional state, sleep, appetite, fears, stress, daily routine** અને વ્યક્તિગત લક્ષણોને પણ **case-taking**માં મહત્વ આપવામાં આવે છે.


આથી હોમિયોપેથીનો **individualized** અને **holistic approach** દર્દીની સમગ્ર સ્થિતિને સમજવા માટે એક મહત્વપૂર્ણ **supprotive framewrok** આપી શકે છે. **Emotional Health** — આરોગ્યનો ભૂલાયેલો ભાગ

શરીરની સારવાર જેટલી મહત્વની છે, તેટલી જ મનની સંભાળ પણ જરૂરી છે.

લાંબા સમયથી ચાલતો **grief, anxiety, family tension, social isolation** અથવા **wrok pressure** હોય ત્યારે દર્દીને સાંભળવું, સમજવું અને જરૂરી **psychological supprot** તરફ માર્ગદર્શન આપવું મહત્વપૂર્ણ છે.

હોમિયોપેથીમાં દર્દીની **emotional** અને **physical symptoms**ને સાથે સમજવાનો અભિગમ હોવાથી, સમગ્ર દર્દી-કેન્દ્રિત સંભાળની દિશામાં તેની **supprotive role**ને સમજવામાં આવે છે.

**Cancer**માં **Supprotive Care**નું મહત્વ



કેન્સર ની **diagnosis** પછી દર્દીનું જીવન અચાનક બદલાઈ શકે છે. સારવારની પ્રક્રિયા, થાક, ચિંતા, ઊંઘમાં ફેરફાર, પરિવારની ચિંતા અને ભવિષ્ય અંગેનો ભય—આ બધું દર્દીના જીવનની ગુણવત્તા પર અસર કરી શકે છે.

અહીં **supprotive care**નો હેતુ દર્દીના **overall well-being** અને **quality of life** પર ધ્યાન આપવાનો છે.

હોમિયોપેથીનો **holistic, patient-centred** અભિગમ આ **supprotive care**ની ચર્ચામાં એક સંભવિત **complementary approach** બની શકે છે.

શા માટે હોમિયોપેથી?

હોમિયોપેથીનું મુખ્ય આકર્ષણ તેનું **individualization** છે.

એક જ **diagnosis** ધરાવતા દરેક વ્યક્તિનો અનુભવ એકસરખો નથી હોતો. કોઈ દર્દીમાં **physical symptoms** વધુ **prominen** હોઈ શકે, જ્યારે બીજા દર્દીમાં **emotional distress, sleep disturbance** અથવા અન્ય વ્યક્તિગત લક્ષણો વધુ મહત્વપૂર્ણ હોઈ શકે.

આ સમગ્ર **picture**ને સમજવાનો પ્રયાસ હોમિયોપેથીની વિશેષતા છે. પરંતુ કેન્સરમાં હોમિયોપેથીને કેન્સરની પ્રમાણભૂત સારવારનો **replacement** નહીં, પરંતુ **complementary/supprotive approach** તરીકે જ જોવી જોઈએ. સર્જરી, **chemotherapy, radiotherapy** અથવા **oncologist** દ્વારા સૂચવાયેલી અન્ય સારવારને પોતાની રીતે બંધ કરવી કે મોડું કરવું યોગ્ય નથી.

સાચો અભિગમ શું છે?

કેન્સર સામેની લડાઈ માત્ર "કઈ દવા?"નો પ્રશ્ન નથી.

તેમાં છે—

**Healthy lifestyle
+ Prevention
+ Early detection
+ Appropriate cancer treatment
+ Emotional health
+ Family & social supprot
+ Supprotive care**

અને આ સમગ્ર ચિત્રમાં દર્દીને એક સંપૂર્ણ વ્યક્તિ તરીકે જોવો ખૂબ મહત્વનો છે.

અંતિમ સંદેશ

આપણે આપણા શરીરની સાથે આપણા મનને પણ સાંભળવું પડશે.

કામનું સતત **pressure** હોય, પરિવાર-સંબંધોમાં તણાવ હોય, કોઈ નજીકના વ્યક્તિનું મૃત્યુ થયું હોય, લાંબો **emotional stress** હોય કે જીવનમાં સતત અસંતુલન હોય—આ બાબતોને "કંઈ નથી" કહીને અવગણવી નહીં.

**Stress**ને કેન્સરનું સીધું કારણ માનવું યોગ્ય નથી, પરંતુ સતત તણાવ અને **emotional distress** સમગ્ર આરોગ્યને અસર કરી શકે છે—તેથી તેની પણ સંભાળ જરૂરી છે.

હોમિયોપેથીનો મૂળ વિચાર અહીં મહત્વપૂર્ણ સંદેશ આપે છે: "દર્દીને માત્ર તેની બીમારીથી નહીં, પરંતુ તેની સંપૂર્ણ વ્યક્તિગત પરિસ્થિતિ સાથે સમજો."

# બોવ જાજા ટાઈમે બકાએ હાજરી પુરાવી



બકો આવ્યો એટલે બેરાલાલ બોલ્યાં વગર ના રહ્યાં.

"બકા, અટાંણ લગણ તું ક્યાં ગુડાણો તો!? તારી હાજરી કેટલી કિંમતી છે, ઈ તને નથી ખબર..!?

અટલ બિહારી વાજપેયીની સરકાર એક મતથી હારી ગઈ હતી, ઈ તને હાંભરે છે??"

બકાએ હાંભળેલુ ખરું. પણ, સવાલ વિચિત્ર લાગ્યો.

"હું ક્યાં નેતા છું , કે મારે ક્યાં ચૂંટણી લડવી છે, તે મારાં મતની એને જરૂર પડે. અને આમ ગણો તો, ગુજરાતની સરકારને કોઈનાં મતની હાલ જરૂર જ નથી. એવડાં મોટાં ભાગનાં મત આપણે પે 'લેથી જ આપી દીધાં છે. હવે પાંચ વરહ તમે તમારે રસ્તે અને સરકાર એનાં રસ્તે.

છતાંય તમે મને યાદ કર્યો એટલે તમારો આભાર..!"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"માત્ર આભારથી કામ હાલે એમ નથી. ઓણ વરસાદની ઘટ પડી છે. ખેડૂતને ખાવાંનાય ફાંફા પડવાની અણી ઉપર છે. આપણે એનો વિચાર કરવાનો હોય. અને તું ગેરહાજર રહે ઈ કેમ હાલે..!?"

બેરાલાલે ખેડૂતોની ચિંતા જણાવી.

"તમારી વાત હાચી છે, બેરાલાલ! આવી ચંત્યા મને ને તમને થાય. પણ, સરકારને તો દીવડાં 'ય હળગાવવાના હોય ને.!!"

"એમાં મને જાજો પપ્પો નો પડ્યો બકા ! પણ, તું આવતો કેમ નહોંતો? ઈ જણાવ."

"તમારે આંયાં હારા હારા કામ કરવાનાં હોય..! જેવો હું ઘરની બહાર પગ મૂકું કે, બિલાડી આડી ઉતરે. વારે વારે આડી ઉતરે. તમને તો ખબર છે કે, બિલાડી આડી ઉતરે એટલે શું થાય!??"

અભણ અમથાલાલે હાજરી પુરાવી.

"ના ના ના. એવું કાંઈ નો હોય..!! બિલાડી આડી ઉતરે તો અપ શુકન થાય, એવું આપણે માનીએ છીએ. પણ, બિલાડી આડે આપણે ઉતરીએ છીએ એ દિવસે એને ભુખ્યાં રહેવું પડે તો, ત્યારે બિલાડીને અપશુકન નહીં થાતાં હોય!? આવું પણ, કો 'ક દિવસ વિચારો..!!"

હવે બેરાલાલથી બોલ્યાં વગર નાં રહેવાયું.

"નાં...આ...! હાવ એવું 'ય નથી. બકાની વાતમાં દમ તો છે. આ આપણું ગુજરાત જ જોઈ લો. ત્રીહ ત્રીહ વરહથી કોંગ્રેસ આડે બિલાડી ઉતરે છે. અને બાર તેર વરહથી તો દિલ્હીમાં 'ય એવાં જ હાલ છે. જ્યોતિષના મતે આનું હાસું કારણ આ જ છે. પણ, બિલાડીની ડોકે ઘંટ બાંધે કોણ..!??"

"જો એમ જ હોય, તો તો 'આપ' ને 'ય બિલાડી નડે કે નહીં? "

"હવે..! ઈ ક્યાં કોઈને માને છે? કે કોઈનું માને છે? અને ચોર કોઈ દિવસ પોતાનાં ઘરમાં ચોરી કરે!? એનાં માટે તો સબ ભૂમિ ગોપાલ કી. છતાંય દિલ્હીમાં તો એનું 'ય દૂધ મીંદડી બોટી જ ગઈને.!!??"

"તો..ઓ..! તમારું કે 'વાનું એમ છે કે, હવે ઈ લોકો મીંદડીની સેવા પૂજા ચાલું કરે એમ.!!??"

"નાં...આ...! ઈ તો ઈ કરે જ છે. એનું તો આ પરિણામ છે."

"તો પછી, બિલાડી ખરાબ છે એમ? બિલાડી નકામી છે એમ!?? "

"હવે ઈ તો વિદેશી બિલાડીને ખબર!! "

"ના..આ.. બિલાડીને નઈ...!! "વારિશિરી મેથાચિટ્ટીફન"ને ખબર."

અમથાલાલે ફોડ પાડ્યો.

બેરાલાલને શંકા પડી.

"શું..ઉં..ઉં..! એ લોકો મીંદડીનું ચિકન ખાય છે?"

"બેરાલાલ! પે 'લાં પુરું હાંભળો, ચિકન નહીં, બિલાડીનાં માલિક 'વારિશિરી મેથાચિટ્ટીફન"

"લો..કર..લો..બાત! મીંદડીના 'ય માલિક હોય? અને એ મીંદડીને બકા ભરવાં સિવાય કરવાનું હું??"

"તમે ભૂલો છો,બેરાલાલ! આ મીંદડી મતલબ 'નાલા-કેટ'બિલાડી ૮૩૯ કરોડની સંપત્તિ ધરાવે છે."

"માપે રાખો, માપે રાખો, અમથાલાલ. તમેય તે સરકારની માફક ફેંકવાનું ઓછું રાખો."

"હાચું નથી લાગતું? તો..ઓ..આ લો એનાં દસ્તાવેજી પુરાવાઓ."

'૨૦૧૦ માં એ કોલિફોર્નિયાના શેલ્ટર હોમમાં પાંચ મહિનાની હતી. એની મોટી મોટી આંખો, નટખટ અંદાજ, જોતાં વેંત જ આફડ્યું આફડ્યું બકા ભરવાનું મન થાય એવી આ બિલાડીને આ ભાઈ ઘરે લઈ આવ્યાં.અને નામ પાડ્યું "નાલા -કેટ" આ નાલા દિવસભર ઊંઘ કરે. રાત પડે અને એમનાં નખરાઓ શરું થાય. એમનાં અલગ અલગ ફોટોઝ બને,જાત જાતનાં વિડિયો બને અને સોશિયલ મીડિયામાં વાયરલ થાય.

થોડાં 'ક જ દિવસમાં એમનાં નામનું જ આઈ ડી પેઝ બની ગયું. જોત -જોતામાં ઈન્સ્ટાગ્રામ ઉપર એમનાં ૪૨ લાખ ફોલોઅર્સ થઈ ગયાં. (નવરાં માણસો કરે 'ય શું?)

આમ ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડ ને પણ વાંકું વળવું પડ્યું. સમગ્ર વિશ્વમાં આ એક માત્ર બિલાડી છે,નાલા જેનું નામ આ બુકમાં નોંધાઈ ગયું છે.'

"અરે હશે..!! પણ, એમાં કરોડો રૂપિયા કેવી રીતે આવ્યાં? ક્યાંથી કમાણાં ??"

"આ નાલા નામની બિલાડી તરહ તરહની વસ્તુઓની એડવટાઈઝ કરવાં માંડી, રહેતાં રહેતાં એમનાં 'નાલા લવ 'નામનાં સ્ટોર્સ ખુલવા લાગ્યાં. આમ આવક વધતી ગઈ.. વધતી ગઈ. એક માણસ ન કરી શકે ઈ કામ આ બિલાડીએ કરી દેખાડ્યું છે. આજે એ એક ગ્લોબલ બ્રાન્ડ બની ચુકી છે.

હવે તમે જ કહો આવી બિલાડી આપણી આડી ઉતરે તો અપશુકન થાય!??"

# શ્રાધ્ધકર્મ માટેનાં શ્રેષ્ઠ ૫ સ્થળ..

હિન્દુ ધર્મમાં પૂર્વજોની મુક્તિ અને આત્માની શાંતિ માટે શ્રાધ્ધ વિધિ અતિ મહત્ત્વપૂર્ણ મનાય છે. દર વર્ષે ભાદરવાના કૃષ્ણ પક્ષ દરમિયાન શ્રાધ્ધ કરાય છે. જે પિતૃપક્ષ તરીકે પણ ઓળખાય છે.કહેવાય છે કે આ વિધિમાં દાન, તર્પણ, પિંડદાન અને ભોજન દ્વારા પૂર્વજોના આત્માને શાંતિ અને મોક્ષનો માર્ગ પ્રદાન કરાય છે. શાસ્ત્રો અનુસાર, શ્રધ્ધાથી કરેલું દાન સીધું પૂર્વજોને પહોંચતા એમના આત્માને શાંતિ મળે છે. જાણીએ એવાં ૫ પવિત્ર સ્થળ, જ્યાં શ્રાધ્ધ કરવાથી એનું ફળ



અનેકગણું વધી જાય છે.

**- ચાણોદ-કરનાળી (ગુજરાત)**

ચાણોદ-કરનાળી નર્મદા નદી કિનારે આવેલું શ્રાધ્ધ કર્મ માટેનું અતિ પવિત્ર સ્થળ મનાય છે. એને ગુજરાતનું કાશી પણ કહે છે. હિન્દુ ધર્મમાં નર્મદા નદી મોક્ષદાયિની નદી તરીકે ગણાય છે,એના પવિત્ર જળમાં સ્નાન કરવું એ પાપનું નિવારણ અને આત્માની શાંતિ માટે શ્રેષ્ઠ મનાય છે.ખાસ કરીને પિતૃપક્ષ દરમિયાન,અહીં શ્રાધ્ધ વિધિ કરવા માટે દેશભરમાંથી લોકો આવે છે.નર્મદા નદીમાં સ્નાન પછી,યાત્રાળુ તર્પણ અને પિંડદાનની વિધિ કરે છે.આ વિધિ પૂર્વજોના આત્માને શાંતિ પ્રદાન કરે છે.એમના મોક્ષનો માર્ગ સુગમ બનાવે છે.આ સ્થળની શાંત અને આધ્યાત્મિક ઊર્જા યાત્રાળુઓને ગહન શાંતિનો અનુભવ કરાવે છે.



**- સિધ્ધપુર (ગુજરાત)**

મહેસાણા જિલ્લાના સિધ્ધપુર ખાતે આવેલું આ સ્થળ હિંદુ ધર્મમાં માતૃશ્રાધ્ધ માટે પ્રસિધ્ધ છે.ભારતના બીજા અનેક તીર્થમાં પિતૃશ્રાધ્ધ કરવાની પરંપરા જોવા મળે છે, પણ માતાની આત્મશાંતિ માટે શ્રાધ્ધ કરવાની પરંપરા સિધ્ધપુરમાં જ જોવા મળે છે.જેથી સિધ્ધપુર માતૃગયા તરીકે પણ ઓળખાય છે.

અહીં સરસ્વતી નદીના કિનારે આવેલું બિન્દુ સરોવર શ્રધ્ધાળુઓનું મુખ્ય આકર્ષણ છે.પૌરાણિક કથા અનુસાર ભગવાન વિષ્ણુએ અહીં કપિલા નદીને પોતાના અંગૂઠાના અગ્રભાગે રોકી હતી,જેથી સરોવરનું નિર્માણ થયું. બિન્દુ સરોવરમાં સ્નાન કરવાથી પિતૃદોષનો નાશ થાય છે અને માતૃશ્રાધ્ધ વિધિથી આત્માને ચિરશાંતિ મળે છે.આ સ્થળે હજારો વર્ષોથી લોકો તર્પણ અને પિંડદાન કરતાં આવ્યાં છે.

સિધ્ધપુરનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ બિન્દુ સરોવર ઉપરાંત અહીંનું રુદ્રમહાલય મંદિર પણ છે. આ મંદિર એક સમયે અતિ વિશાળ અને ભવ્ય શૈવ મંદિર હતું.આ મંદિરનું નિર્માણ સોલંકી યુગ દરમિયાન રાજા સિધ્ધરાજ જયસિંહે કરાવ્યું હતું.આજે ભલે એનું મોટાભાગનું માળખું અવશેષ સ્વરૂપે જોવા મળે,છતાં તેની શિલ્પકળા અને કોતરણી અદ્દભુત કળાત્મકતા દર્શાવે છે.



**- વારાણસી (ઉત્તર પ્રદેશ)**

વારાણસી, યુપીમાં આવેલું પ્રાચીન અને પવિત્ર નગર, જે ગંગા નદીની પશ્ચિમ કિનારે વસેલું છે. આ શહેર કાશી કે બનારસ તરીકે પણ ઓળખાય છે. વારાણસીનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે, જે વિશ્વના પ્રાચીન શહેરોમાં ગણાય છે. કહેવાય છે કે આ શહેરની સ્થાપના સ્વયં ભગવાન શિવે કરી હતી માટે એને મોક્ષનું દ્વાર પણ કહે છે.

અહીં દશાશ્વમેધ, મણિકર્ણિકા અને અસ્સી ઘાટ પ્રસિધ્ધ છે.મણિકર્ણિકા ઘાટ તો અંતિમ સંસ્કારના ઘાટ તરીકે ઓળખાય છે. અહીં અંતિમ સંસ્કાર કર્યા પછી આત્માને મુક્તિ મળે છે.દશાશ્વમેધ ઘાટ પર સ્નાન-પૂજન બાદ શ્રાધ્ધ, તર્પણ અને પિંડદાન કરાય છે.

વારાણસીના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરને હિંદુ ધર્મમાં અદ્વિતીય સ્થાન પ્રાપ્ત છે.સાંજે ગંગા આરતી વારાણસીનું અનોખું આકર્ષણ છે.દશાશ્વમેધ ઘાટ પર પૂજારીઓ દ્વારા કરાવાતી આ ભવ્ય આરતી જોવા હજારો શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે.ગંગાની લહેરો પર દીવડાનો ઝગમગાટ અને મંત્રોચ્ચારથી સર્જાતાં દશ્યો અવિસ્મરણીય અનુભૂતિ છોડી જાય છે. શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે કાશીમાં કરાતી વિધિનો પ્રભાવ અન્ય સ્થળની તુલનામાં અનેકગણો વધુ હોય છે. પિતૃકર્મ કે તર્પણ માટે અહીં વહેલી સવારે ગંગાસ્નાન બાદ વિધિ કરવી અતિ શુભ મનાય છે.

**- ગયા (બિહાર)**

બિહારમાં આવેલું હિંદુ ધર્મનું ગયા શ્રાધ્ધ અને પિંડદાન માટેનું સૌથી પવિત્ર સ્થળ છે. ફાલ્ગુ નદી કિનારે આવેલા આ તીર્થધામમાં પૂર્વજોના આત્માની શાંતિ માટે તર્પણ અને પિંડદાન કરવાની પરંપરા છે. અહીં ૫૪ વેદી પર વિધિ કરાય છે, જેમાં

જીવન તરંગ




જયસ્વી
પટેલ

તલ, ચોખા અને ઘીનો ખાસ ઉપયોગ થાય છે. માન્યતા છે કે, આ વિધિથી પિતૃઓને મોક્ષ મળે છે. રામાયણ અને મહાભારતમાં આ સ્થળનો ઉલ્લેખ ગાયપુરી તરીકે થયો



છે, જ્યારે લોકકથા મુજબ અહીં ભગવાન વિષ્ણુએ પોતાના ચરણચિન્હ મૂક્યા હતા. આજે ય ભગવાન વિષ્ણુની ચરણપાદુકાનું મંદિર દર્શનાર્થીને આકર્ષે છે. અક્ષયવટ વૃક્ષ નીચે કરાતી પ્રાર્થના પુણ્યદાયી મનાય છે. ખાસ કરી પિતૃપક્ષ દરમિયાન અહીં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટે છે. મહાબોધિ મંદિર, બ્રહ્મય ટેકરી અને આસપાસના તીર્થસ્થળો વર્ષભર



પ્રવાસીઓને આકર્ષતાં રહે છે.

**- પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ)**

પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશનું ઐતિહાસિક અને પવિત્ર શહેર,જે પ્રાચીન કાળથી પ્રયાગ કે તીર્થરાજ તરીકે ઓળખાય છે. અહીં ગંગા, યમુના અને સરસ્વતી નદીનું સંગમ છે,જેને ત્રિવેણી સંગમ કહે છે.હિંદુ માન્યતા મુજબ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી જન્મ જન્માન્તરના પાપ ધોવાઈ જાય છે.આત્માને શુદ્ધિ તથા મોક્ષની પ્રાપ્તી થાય છે.આ સ્થળે શ્રાધ્ધ,તર્પણ અને પિંડદાન કરવાની પરંપરા હજારો વર્ષ પ્રાચીન છે. ત્રિવેણી સંગમમાં કરેલ પિતૃકર્મ આત્માને શાંતિ આપે છે. પિતૃપક્ષ દરમિયાન અહીં લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે.

પ્રયાગરાજનો ઉલ્લેખ ઋગ્વેદ અને પુરાણોમાં તીર્થના રાજા તરીકે થયો છે.એવું મનાય છે કે અહીં ભગવાન બ્રહ્માએ પ્રથમ યજ્ઞ કર્યો હતો, એટલે આ સ્થળનું નામ પ્રયાગ પડ્યું. ઐતિહાસિક સમયમાં સમ્રાટ અશોકે અહીં પોતાના શિલાલેખ સ્થાપ્યા હતા,જે આજે ય જોવા મળે છે.મુગલ બાદશાહ અકબરના સમયમાં શહેરનું નામ અલ્લાહાબાદ રાખ્યું હતું, પણ ૨૦૧૮માં ફરીથી પ્રયાગરાજની ઓળખ અપાઈ.અહીં મહાકુંભ અને અર્ધકુંભ મેળાનો વિશેષ મહિમા છે.દર બાર વર્ષે યોજાતો મહાકુંભ મેળો વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળો મનાય છે, જેમાં કરોડો યાત્રાળુ ગંગાસ્નાન કરવા આવે છે.

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

**અનુકંપા ફાઉન્ડેશન, અમરેલીના સહયોગથી તથા AIMS હોસ્પિટલ, અમરેલીની તબીબી સેવાઓ હેઠળ ૨૩૦થી વધુ પોલીસ કર્મીઓએ લાભ લીધો**

# અમરેલી પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે કાર્ડિયાક અને CPR અવેરનેસ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૨

અમરેલી એસ.પી. કચેરી સંલગ્ન પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે અનુકંપા ફાઉન્ડેશન, અમરેલીના સહયોગથી તથા AIMS હોસ્પિટલ, અમરેલીની તબીબી સેવાઓ હેઠળ કાર્ડિયાક પ્રિવેન્શન અને CPR અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ પોલીસકર્મીઓને હૃદયરોગથી બચવા માટે જરૂરી જીવનશૈલી અંગે જાગૃત કરવા તેમજ અચાનક હૃદયરોગનો હુમલો આવે ત્યારે તાત્કાલિક CPR આપી શકાય તે અંગે પ્રાયોગિક તાલીમ આપવાનો હતો. આ પ્રસંગે ડો. ભરત કાનાબાર, સામાજિક અગ્રણી પી.પી. સોજીત્રા, ASP જયવીર ગઢવી, DySP ચિરાગ દેસાઈ, DySP એ.જી. ગોહિલ, PI કડચા તથા PI ખમલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન AIMS હોસ્પિટલના સિનિયર કાર્ડિયોલોજિસ્ટ ડો. પલ્વી મહાજન દ્વારા પોલીસકર્મીઓને હૃદયરોગથી બચવા માટેની જીવનશૈલી, હૃદયરોગના જોખમી પરિબળો તથા હાર્ટ એટેકથી બચવા માટે રાખવાની જરૂરી સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડો. કેયુર કોટડિયા દ્વારા ક્લિનિકલ દૃષ્ટિકોણ સાથે CPR અંગે પ્રાયોગિક તાલીમ




આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન હાર્ટ એટેક અથવા અચાનક હૃદય બંધ થવાની સ્થિતિમાં તાત્કાલિક CPR કેવી રીતે આપવી તથા સમયસર પ્રાથમિક સારવારનું મહત્વ શું છે તે અંગે પોલીસકર્મીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તાલીમનો ૩૦૦થી વધુ પોલીસકર્મીઓએ લાભ લીધો હતો. કેમ્પના બીજા તબક્કામાં હૃદયરોગની પ્રાથમિક તપાસ માટે નિ:શુલ્ક ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં સિનિયર કાર્ડિયોલોજિસ્ટ ડો. પલ્વી મહાજન તથા ડો. કેયુર કોટડિયા દ્વારા ૨૩૦થી વધુ પોલીસકર્મીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. AIMS હોસ્પિટલ તરફથી પોલીસકર્મીઓને નિ:શુલ્ક ડોક્ટર કન્સલ્ટેશન, ECG, લિપિડ પ્રોફાઈલ, HbA1c તથા બ્લડ સુગર સહિતની તપાસની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે AIMS હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર કુલદીપભાઈ ભમ્મર, મેડિકલ ઓફિસર ડો. ધ્રુવ મહેતા, P.R.O. કમલેશભાઈ ડેર, નર્સિંગ સ્ટાફ તથા AIMS હોસ્પિટલની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી. પોલીસકર્મીઓ સતત જવાબદારીભર્યા અને તણાવપૂર્ણ કાર્યક્ષેત્રમાં ફરજ બજાવતા હોવાથી તેમના માટે હૃદયરોગ અંગે જાગૃતિ વધારવા, સમયસર તબીબી તપાસ કરાવવા તથા કટોકટીની પરિસ્થિતિમાં CPR જેવી જીવનરક્ષક પ્રાથમિક સારવાર આપી શકાય તે માટે આ કેમ્પ મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો હતો.

## યુપી અને ઉત્તરાખંડમાં ૧૧ રાજ્યસભા બેઠકોની ચૂંટણી તથા પ. બંગાળમાં પેટાચૂંટણી જાહેર

નવી દિલ્હી,તા.૨૨

ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે દ્વિવાર્ષિક ચૂંટણી તેમજ પશ્ચિમ બંગાળની ખાલી પડેલી ૧ બેઠક માટે પેટાચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી છે.યુપી અને ઉત્તરાખંડની ૧૧ રાજ્યસભા બેઠકો પર ચૂંટણી જાહેર, બંગાળમાં યોજાશે પેટાચૂંટણી. ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશની ૧૦ અને ઉત્તરાખંડની ૧ રાજ્યસભા બેઠક માટે દ્વિવાર્ષિક ચૂંટણીનું સમયપત્રક જાહેર કર્યું છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળની ખાલી પડેલી ૧ બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. આ તમામ બેઠકો માટે ૨૯ સપ્ટેમ્બરે સૂચના જારી કરાશે અને ૧૬ ઓક્ટોબરે સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. તે જ દિવસે સાંજે ૫ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે. યુપી અને ઉત્તરાખંડના સાંસદોનો નવેમ્બર ૨૦૨૬માં કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, જેમાં ભાજપના ૮, સપાના રામગોપાલ યાદવ અને બસપાના રામજી ગૌતમનો સમાવેશ થાય છે.

## નૈનીતાલમાં દૂષિત પાણીથી બેના મોત, બેદરકારી બદલ ૬ એન્જિનિયર સસ્પેન્ડ

નૈનીતાલ,તા.૨૨

ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લાના જ્યોલિકોટ વિસ્તારમાં દૂષિત પીવાના પાણીના કારણે કમળો અને રોગચાળો ફેલાતાં ૨ લોકોના મોત થયા છે અને અનેક લોકો બીમાર પડ્યા છે. આ ઘટનામાં ગંભીર બેદરકારી સામે આવતા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નિર્દેશ પર જલ સંસ્થાન અને પેયજલ



નિગમના ૬ એન્જિનિયરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હાઈકોર્ટે આ પરિસ્થિતિને 'મહામારી' ગણાવીને તબીબી સુવિધાઓ સુધારવા અને ગટર તથા પીવાના પાણીની પાઈપલાઈનો અલગ કરવા આદેશ આપ્યો છે. વહીવટીતંત્રે અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ટીમો, ક્લોરિન ગોળીઓ અને ઓઆરએસનું વિતરણ શરુ કર્યું છે. હાઈકોર્ટે ખાનગી લેબ દ્વારા પાણીનું પરીક્ષણ કરાવવા અને કૌમાઉ વિસ્તારમાં નવી પાણી પરીક્ષણ પ્રયોગશાળા સ્થાપવા સૂચના આપી છે. મુખ્ય સચિવે આ મામલે તમામ વિગતો મેળવી સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

## બિહારના જમુઈમાં સગીર વિદ્યાર્થીની છેડતી કરનાર આરોપીને પોલીસે પગમાં ગોળી મારી

જમુઈ,તા.૨૨

બિહારના જમુઈમાં સગીર વિદ્યાર્થીની સાથે છેડતી અને અભદ્ર વર્તનના વાયરલ વીડિયો મામલે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. જમુઈ-લખીસરાય સરહદ નજીક આરોપીઓને પકડવા ગયેલી પોલીસ ટીમ પર Vkiring થતાં થયેલા સામસામા એન્કાઉન્ટરમાં મુખ્ય આરોપી નંદન યાદવના પગમાં ગોળી વાગી હતી. ઘાયલ આરોપીને સારવાર અર્થે જમુઈ સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ નવીન કુમારે પહોંચીને સ્થિતિની સમીક્ષા કરી હતી. વાયરલ વીડિયો મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષે કડક કાર્યવાહીની માંગ કરી હતી. પોલીસે સોમવારે ૩ યુવકોની ધરપકડ કરી હતી. ઘટનામાં સંકળાયેલા અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસે દરોડા ચાલુ રાખ્યા છે.

## શિક્ષણને વેપાર બનાવી નફો કમાતી ખાનગી યુનિવર્સિટીઓ સામે સુપ્રીમ કોર્ટ લાલઘુમ

નવી દિલ્હી,તા.૨૨

શિક્ષણને વેપાર બનાવતી ખાનગી યુનિવર્સિટીઓ સામે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ એન. વી. અંજારિયાની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ખાનગી યુનિવર્સિટીઓને નફો કમાવતી સંસ્થાઓ તરીકે ચલાવવાની મંજૂરી આપી શકાય નહીં. નોઈડાની એમિટી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીની અરજી પરથી શરુ થયેલી આ સુનાવણીનો વ્યાપ વધારીને કોર્ટે દેશભરની તમામ ખાનગી યુનિવર્સિટીઓ પાસે છેલ્લા પાંચ વર્ષના ઓડિટેડ નાણાકીય રેકોર્ડ, ફી માળખું અને વધારાના ભંડોળના રોકાણની સંપૂર્ણ વિગતો માંગી છે.



આ ઉપરાંત યુનિવર્સિટીઓને મળેલા સરકારી લાભો, પ્રવેશ પ્રક્રિયા, શિક્ષકોના પગાર, વર્ગખંડ વ્યવસ્થાપન, વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતિ અને મેડિકલ કોલેજો સાથે સંકળાયેલી હોસ્પિટલો અંગેની માહિતી પણ રજૂ કરવાનો આદેશ કરાયો છે. કેન્દ્ર અને તમામ રાજ્યોના મુખ્ય સચિવોએ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના આદેશથી છ અઠવાડિયામાં આ તમામ વિગતો સાથેનું સોગંદનામું દાખલ કરવું પડશે. કેસની આગામી સુનાવણી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે.

## અમરેલી ભાજપના બે સિનિયર આગેવાનોને પ્રદેશ કક્ષાએ મહત્વની જવાબદારી સોંપાઈ

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા ભાજપના બે સિનિયર આગેવાનોને પ્રદેશ કક્ષાએ વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણીનો પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે જ તેમને ગીર સોમનાથ જિલ્લા



ભાજપના સંગઠન પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે. બીજી તરફ, અમરેલી જિલ્લા



ભાજપના પૂર્વ મહામંત્રી અને જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. બંને આગેવાનોને સંગઠનમાં મહત્વપૂર્ણ જવાબદારી મળતાં અમરેલી જિલ્લા ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી છે. કાર્યકરોએ બંને આગેવાનોને અભિનંદન પાઠવી નવી જવાબદારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

**શરદભાઈ લાખાણીનો પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય તરીકે અને ભુપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી**

## અમરેલીમાં તારપરા પરિવારના આંગણે સીમંત સંસ્કાર વિધિ સંપન્ન

અમરેલી, તા.૨૨

અમરેલી તાલુકા ખ.વે.સં.ના એમ.ડી. વિઠ્ઠલભાઈ તારપરાના પુત્ર ભાર્ગવ તારપરાના ધર્મપત્ની કિંજલના પ્રથમ માતૃત્વ પ્રસંગે સીમંત સંસ્કાર વિધિ યોજાઈ હતી. દામ્પત્ય જીવનની સુંદર અને સમૃધ્ધ ઘડી એવા માતૃત્વની ગૌરવપૂર્ણ પળ નિમિત્તે યોજાયેલા આ પ્રસંગે નામી-અનામી શુભેચ્છકો ઉપસ્થિત રહી કિંજલને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કાળુભાઈ પાનસુરીયા, અમરેલી ખ.વે.સં.ના પૂર્વ મેનેજર પી.એમ. સેંજલીયા, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ



શંભુભાઈ દેસાઈ, અમરેલીના ન્યૂઝ રિપોર્ટર ઘનશ્યામ સાવલિયા, જીવરાજ ચાના પ્રતિનિધિ પ્રિતેશ શિંગાળા, પારસ રેસ્ટોરન્ટના માલિક ગોરધનભાઈ ટાંક, જે.બી. ટેલરવાળા કાળુભાઈ વકોતર તથા પારસ પાનવાળા મગનભાઈ ટાંક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનાથી ૫ કિમી દૂર બાયપાસ માર્ગ પર વનરાજાની લટાર, વાહનો થંભ્યા

ઉના,તા.૨૨

ઉના શહેરથી આશરે ૫ કિમી દૂર તપોવન આશ્રમ તરફ જતા બાયપાસ રોડ પર રાત્રિના સમયે સિંહ જોવા મળતાં વાહનચાલકોમાં આશ્ચર્ય સાથે સાવચેતીનો માહોલ જોવા મળ્યો હતો. રસ્તાની બાજુમાં બેઠેલો સિંહ અચાનક ઊભો થઈ વાહનોની અવરજવર વચ્ચે રસ્તા પર લટાર મારવા લાગ્યો હતો. સિંહને રસ્તા પર ચાલતો જોઈ વાહનચાલકોએ પોતાના વાહનો રોકી દીધા હતા. ઉના અને




આસપાસનો વિસ્તાર ગીરના સિંહોના વસવાટ માટે જાણીતો છે. જંગલ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારો, ખેતરો અને માર્ગોની આસપાસ પણ અવારનવાર સિંહોની અવરજવર જોવા મળે છે. શહેર નજીક સિંહ દેખાતા વન્યજીવ સુરક્ષા અને માર્ગ સલામતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે.

## કોડીનારના ઘાંટવડમાં કુવામાં ખાબકેલી દીપડીનું વન વિભાગે રેસ્ક્યુ કર્યું

કોડીનાર તા.૨૨

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રેવન્યુ ચકદળ વિસ્તારમાં વાડીના કુવામાં માદા દીપડી ખાબકી જતાં વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં ઘાંટવડ રાઉન્ડ ફોરેસ્ટર એમ.જી. દામણીયા તથા બીટ ગાર્ડ આર.વી. વાળા સહિતની ટીમ સ્થળે પહોંચી હતી. વન વિભાગે સાવચેતીપૂર્વક સાઈડ શટર મારફતે કુવામાં પાંજરું ઉતારી દીપડીને સુરક્ષિત રીતે પાંજરામાં પૂરવામાં સફળતા મેળવી હતી. આશરે સવારે ૧૧:૩૦ વાગ્યે



દીપડીનું રેસ્ક્યુ કરાયું હતું. પથી ૯ વર્ષની આ માદા દીપડીને જરૂરી સારવાર અને તપાસ માટે જામવાળા વન્યપ્રાણી સારવાર કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી હતી. રેસ્ક્યુ કામગીરીમાં ટ્રેકરો સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

**ફુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ સુધરાઈ હદમાં આવેલ યોગીનગરના રે.સ. નં. ૧૪૮ પૈકીના પ્લોટ નં. ૧૪૧ ની કુલ ૧૪૫-૬૫ ચો. મી. વાળી મીલકત અશ્વિનભાઈ પોપટભાઈ ચૌહાણની માલીકીની છે. જેઓએ રઘુવીરભાઈ જારૂભાઈ ખુમાણને વેચાણે આપવાનુ નક્કી કરેલ છે. આ મિલકતનુ અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૭૫૧ થી તા. ૨૩/૩/૨૦૦૫ ના રોજ નિલમબેન ઈન્દુલાલ પારેખ તથા હંસાબેન શરદકુમાર પારેખના ફુલ મુખત્યાર ઈન્દુલાલ રતિલાલ પારેખ એ કરી આપેલ છે તે ફુલ મુખત્યારનામાની નકલ તથા રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૧૦ થી તા. ૨/૪/૨૦૧૧ ના રોજ કલ્યાણીબેન વિનોદપુરી ગોસાઈના ફુલ મુખત્યાર શામજીભાઈ ધનજીભાઈ ઘાનાણી એ કરી આપેલ છે તે ફુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તે કયાંક ખોવાઈ ગયેલ છે જેથી ઉપરોકત ફુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પહોચતી કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હિત સંબંધ હોય તો તે હકક-હીત સબંધના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજૂ કરશો. આ ઉપરોકત મીલકત સબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦/૦૯/૨૦૨૬
અમરેલી.

અજય જે. રાઠોડ,
એડવોકેટ,
જુના માર્કટયાર્ડ, પહેલા માળે,
હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે,
અમરેલી. મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

## ધોરાજીના જુનાગઢ રોડ પર પ્લાસ્ટિક કારખાનાઓમાં તસ્કરોના પરોણા

ધોરાજી,તા.૨૨

ધોરાજીના જુનાગઢ રોડ પર આવેલા પ્લાસ્ટિક કારખાનાઓને તસ્કરોએ ફરી નિશાન બનાવતાં ચકચાર મચી છે. રેલવે ફાટક બાદ આવેલા તુલસી પ્લાસ્ટિક, મીરા પ્રોસેસ, નારાયણ પોલીપેક, દ્વારકેશ પ્લાસ્ટિક, માસ્ટર પેક અને નાથજી પ્રોસેસ સહિતના કારખાનાઓમાં મોડી રાત્રે તોડફોડ કરી રોકડ રકમની


તસવીર : નયન કુહાડીયા

ચોરી કરવામાં આવી હતી. તસ્કરોએ કારખાનાના તાળા તોડી સામાન વેરવિખેર કર્યો હતો.

ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં એક વર્ષ દરમિયાન ચારથી વધુ વખત ચોરીના બનાવો બન્યા છે. વારંવારની ચોરીથી પ્લાસ્ટિક ઉદ્યોગકારોમાં રોષ સાથે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ધોરાજી તાલુકા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે અને આસપાસના તેમજ કારખાનાઓમાં લગાવાયેલા સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૮૮/૨૦૨૬ તા. /૦૮/૨૦૨૬
શ્રી રહીમભાઈ જમાલભાઈ બલોચ.
રહે.જીવાપરા, વિસાવદર, તા. વિસાવદર, જિ.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા. વિસાવદર
.........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રહીમભાઈ જમાલભાઈ બલોચ, રહે, જીવાપરા, વિસાવદર, તા.વિસાવદર, જિ.જુનાગઢ એ તેમના ભાણેજ શ્રી જાકીર હુસેનભાઈ ખોખરનો જન્મ તા. ૨૫/૦૪/૧૯૭૯ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા. વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી, ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

# કેવડિયા ખાતે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન, રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ કલાકારોનું સન્માન



એકતાનગર,તા.૨૨

ગુજરાતના નર્મદા જિલ્લા સ્થિત એકતા નગર (કેવડિયા) ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાનિધ્યમાં ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું શાનદાર આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમાના શ્રેષ્ઠ કલાકારો અને ટેકનિશિયનોને સન્માનિત કરવામાં આવ્યા. આ સમારોહમાં ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યન અને 'ભ્રમયુગમ' માટે મમ્મુટીને શ્રેષ્ઠ અભિનેતાનો તથા 'આર્ટિકલ ૩૭૦' માટે યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો. 'આર્ટિકલ ૩૭૦' શ્રેષ્ઠ ફીચર ફિલ્મ પસંદ થઈ. જ્યારે દિગ્ગજ અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમામાં અતુલ્ય યોગદાન બદલ સર્વોચ્ચ 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ'થી નવાજવામાં આવ્યા. 'મારણ'ફિલ્મને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો પુરસ્કાર મળ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઐતિહાસિક આયોજનને બિરદાવ્યું હતું. બોલિવૂડ અને પ્રાદેશિક સિનેમાના અનેક દિગ્ગજ કલાકારોએ આ સમારોહમાં હાજરી આપી શોભા વધારી હતી.

# સુરતથી ચેન્નાઈનું ૩૬ કલાકનું અંતર હવે માત્ર ૧૬ કલાકમાં પૂર્ણ થશે



સુરત,તા.૨૨

સુરતથી ચેન્નાઈ વચ્ચેની મુસાફરી હવે ઝડપી બનવાની છે. ભારતમાલા પરિયોજના અંતર્ગત તૈયાર થઈ રહેલો હાઈ-સ્પીડ એક્સપ્રેસવે ગુજરાતને મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ સાથે સીધું જોડશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સુરતથી ચેન્નાઈનું આશરે ૩૫ થી ૩૬ કલાકનું અંતર ઘટીને માત્ર ૧૬ કલાકમાં પૂરું થવાની અપેક્ષા છે. અગાઉ આ એક્સપ્રેસવેની લંબાઈ ૧,૨૭૧ કિલોમીટર પ્રસ્તાવિત હતી. જોકે, તાજેતરમાં વહીવટી અને રૂટ સ્તરે ફેરફાર કરીને સુરત-નાસિક ખંડને અલગ કરવામાં આવ્યો છે. હવે મુખ્ય પ્રોજેક્ટ 'નાસિક-ચેન્નઈ એક્સપ્રેસવે' તરીકે ઓળખાશે અને તેની સીધી લંબાઈ આશરે ૯૦૦ કિલોમીટર રહેશે. સમગ્ર કોરિડોર સુરત અને ચેન્નઈ વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત કરશે. હાલના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ભારે ટ્રાફિકથી થતો સમયનો બગાડ પણ આ માર્ગથી ઘટશે.

# અમદાવાદમાં આંગડીયા પેઢીના માલિક સોનાના દાગીના લઈ ફરાર

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના માણેકચોકમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીના માલિક સામે સોનાના દાગીના લઈને ફરાર થયાની ફરિયાદ નોંધાઈ છે. આંગડિયા પેઢીના માલિક ત્રણ સોની વેપારીઓના કુલ રૂ.૧૨.૦૨ લાખ કિંમતના ૭૮.૫૨ ગ્રામ સોનાના દાગીના ભરેલા છ પાર્સલ લઈને ફરાર થયા હોવાનો આક્ષેપ છે. આ અંગે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આંબાવાડીમાં રહેતા અને માણેકચોકમાં સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા ૪૨ વર્ષીય મૌલીકભાઈ હસમુખભાઈ સોનીએ વેપારીઓને મોકલવા માટે પાર્સલ જમા કરાવ્યા હતા. ગત ૨૩ જૂને ૧૦.૩૪૦ ગ્રામ અને ૨૭ જૂને ૧૭.૫૧૦ ગ્રામ સોનાના દાગીનાના પાર્સલ ભરૂચ મોકલવા માટે આપ્યા હતા.

# ભાજપ સંગઠનમાં ફેરફાર : ડાંગ, ભરૂચ અને નર્મદામાં નવા જિલ્લા પ્રમુખોની નિમણૂક

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત ભાજપે સંગઠનમાં મહત્વના ફેરફાર કરતાં ડાંગ, ભરૂચ અને નર્મદા જિલ્લામાં નવા જિલ્લા પ્રમુખોની નિમણૂક કરી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ડાંગમાં સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરી, ભરૂચમાં પરેશભાઈ કાંતિભાઈ લાડ અને નર્મદામાં શબ્દશરણ ભાઈલાલ તડવીને જિલ્લા પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. પક્ષની જાહેરાત મુજબ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આ ઉપરાંત પ્રદેશ સંગઠનમાં પ્રવાસ, બેઠક અને 'મન કી બાત' માટે સુરેશભાઈ પટેલને પ્રભારી તથા મનિષભાઈ પટેલને પ્રદેશ સંયોજક બનાવાયા છે. દક્ષિણ ઝોનમાં નિરવભાઈ શાહ, મધ્ય ઝોનમાં મયુરભાઈ સુથાર, ઉત્તર ઝોનમાં મયુરભાઈ પટેલ, સૌરાષ્ટ્ર ઝોન-૧માં પૃથ્વીરાજસિંહ વાળા અને સૌરાષ્ટ્ર ઝોન-૨માં હરેન્દ્રસિંહ ગોહિલને પ્રદેશ સહસંયોજકની જવાબદારી સોંપાઈ છે. બક્ષીપંચ મોરચામાં પ્રકાશભાઈ મોદી, નિલકુમાર રાવ, ભરતભાઈ મેર, મોમાયાભાઈ ગઢવી સહિત નવ ઉપાધ્યક્ષની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે અનિમેષભાઈ માળી, તેજલબેન નાઈ, ગીતાબેન ચૌહાણ, ગૌતમભાઈ ગોસ્વામી અને હસમુખભાઈ બારૈયાને પ્રદેશ મહામંત્રી બનાવાયા છે. પ્રદેશ મંત્રી તરીકે દિનેશભાઈ પ્રજાપતિ, શૈલેષભાઈ ધોપાલ, વિજયસિંહ વણઝારા, દિનેશભાઈ દેસાઈ અને ગણપતભાઈ પઢીયારની નિમણૂક કરાઈ છે.

# રાજ્યભરમાં ૧૮ હજારથી વધુ વાહનચાલકો સામે કેસ, રૂ. ૫૮.૫૬ લાખ દંડ વસૂલ

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન હેઠળ ૧ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબર સુધી નંબર પ્લેટ વગરના, ચેડાં કરેલી અથવા અયોગ્ય નંબર પ્લેટવાળા વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૧થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યભરમાં ૧૮,૦૧૪ કેસ નોંધાયા છે, જ્યારે નંબર પ્લેટ સાથે ચેડાં બદલ ૪,૧૮૭ વાહનો ડિટેઈન કરાયા છે. આ કાર્યવાહી દરમિયાન રૂ.૫૮.૫૬ લાખનો દંડ વસૂલાયો છે. સુરત શહેરમાં ૧,૭૮૬, વડોદરા શહેરમાં ૧,૯૫૯ અને બનાસકાંઠામાં ૧,૩૬૩ કેસ નોંધાયા છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના એસપી વી. સાહિત્યાએ વાહનચાલકોને નિયમ મુજબ સ્પષ્ટ અને દેખાય તેવી નંબર પ્લેટ લગાવવા અનુરોધ કર્યો છે.

# રાજયની સ્વનિર્ભર શાળા મહામંડળ દ્વારા પડતર પ્રશ્ને સરકારને રજૂઆત



ભાવનગર,તા.૨૨

ગુજરાત રાજ્યની સ્વનિર્ભર (ખાનગી) શાળાઓના મહામંડળ દ્વારા સંચાલકો અને શાળાઓના પડતર પ્રશ્નો અંગે સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ આખરી રજૂઆત કરવામાં આવી છે, મહામંડળે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તેમની ૪ મુખ્ય માંગણીઓનું સત્વરે સ્થાયી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો તેઓ ગાંધીનગર ખાતે ધરણાં પ્રદર્શન અને શૈક્ષણિક કાર્ય અચોક્કસ મુદત માટે બંધ રાખવા મજબૂર બનશે. ગુજરાત રાજ્યની સ્વનિર્ભર (ખાનગી) શાળાઓના મહામંડળના પ્રમુખ પી.કે.મોરડિયાએ જણાવ્યું કે, જો માંગ નહીં સ્વીકારમાં આવે તો ગાંધીનગરમાં ધરણાં અને ૧૭૦૦૦થી વધુ શાળા અચોક્કસ મુદત માટે બંધનું એલાન આપશે. આ અંગે અગાઉ પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. રાજ્યની ખાનગી સ્કૂલોમાં ૫૦ લાખથી વધુ વિદ્યાર્થી અભ્યાસ કરે છે અને ૭ લાખથી વધુ શિક્ષકો તથા કર્મચારીઓ સેવા આપી રહ્યા છે.

# તાપી જિલ્લામાં ગણેશ વિસર્જન દરમિયાન પગનો અંગૂઠો દબાતાં મિત્રએ જ મિત્રની હત્યા કરી



તસવીર : પ્રતિકાત્મક

તાપી, તા.૨૨

તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના મોદલા ગામે ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન નજીવી બાબતે હત્યાની ઘટના બની હતી. ડીજેના તાલે યુવકો ડાન્સ કરી રહ્યા હતા ત્યારે રાજપુર ગામના શંકર વળવીનો પગ આરોપી વિશાલ પાડવીના અંગૂઠા પર આવી ગયો હતો. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થતાં વિશાલે ઉશ્કેરાઈને શંકરનું ગળું દબાવી માર માર્યો હતો. ગંભીર ઈજાઓના પગલે શંકરનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ આરોપી વિશાલ પાડવી નાસી છૂટ્યો હતો. જોકે, કુકરમુંડા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી ટીમો બનાવી શોધખોળ શરૂ કરી હતી. લોકેશનના આધારે પોલીસે ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ નજીક આવેલા મૌવલીપાડા ગામેથી વિશાલને ઝડપી લીધો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને જિલ્લામાં પોલીસ બંદોબસ્ત પણ વધારી દેવામાં આવ્યો છે. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી છે.

# ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ સામે રૂ.૩૨ કરોડના કામોમાં ગેરરીતિના થયા આક્ષેપ



અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા અને રજિસ્ટ્રારની કામગીરીને લઈને રૂ.૩૨ કરોડથી વધુના કામોમાં ગેરરીતિના આક્ષેપો થયા છે. આક્ષેપ મુજબ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોને અંધારામાં રાખીને ખાનગી કંપનીઓને યુનિવર્સિટીના વિવિધ કામો સોંપવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, કાઉન્સિલના સભ્યોને મોકલવામાં આવેલા એજન્ડામાં રૂ.૩૨ કરોડથી વધુના ૭૯ કામોની વિગતો છુપાવાઈ હોવાનો આક્ષેપ છે. એજન્ડામાં ક્રમાંક ૩૯ બાદ સીધો ક્રમાંક ૪૧ દર્શાવાયો હતો અને ક્રમાંક ૪૦નું કામ ગાયબ કરાયું હોવાનો દાવો કરાયો છે. તેમજ સિન્ડિકેટ સભ્યોની જાણ બહાર જે.પી. સ્ટ્રક્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ સહિતની કંપનીઓને ૧૧ કામો સોંપાયા હોવાના આક્ષેપો થયા છે.

# દાહોદના લીમખેડામાં એક્સપાયરી દવાઓના ઢગલાથી ખળભળાટ



દાહોદ,તા.૨૨

દાહોદ જિલ્લાના લીમખેડા પાસે ઈન્દોર-અમદાવાદ હાઈવે નજીક ખુલ્લી જગ્યામાંથી એક્સપાયરી ડેટની દવાઓનો મોટો જથ્થો મળી આવતાં આરોગ્ય તંત્ર સામે સવાલો ઉઠ્યા છે. આમ આદમી પાર્ટીના નેતા યુવરાજસિંહ જાડેજાએ દવાનો જથ્થો સળગાવવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કરી સમગ્ર મામલે તટસ્થ તપાસની માગ કરી છે. ખુલ્લામાં દવાઓના નિકાલથી પર્યાવરણ અને જાહેર ક્ષેત્રના આરોગ્ય પર જોખમ ઊભું થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એફડીસીએ અને સ્થાનિક તંત્રની કામગીરી સામે પણ પ્રશ્નો ઉભા થયા છે.

# અંબાજીમાં ભાદરવી પૂનમના ૭ દિવસના મહામેળામાં ભાવિકોનુ ઘોડાપૂર ઉમટ્યુ

અંબાજી, તા.૨૨

અંબાજીમાં ભાદરવી પૂનમના સાત દિવસીય મહામેળાનો પ્રારંભ થતાં જ લાખો માઈભક્તો મા અંબાના દર્શન માટે ઉમટી રહ્યા છે. 'બોલ મારી અંબે, જય જય અંબે'ના નાદ સાથે ધજા અને સંઘ લઈને ભક્તો અંબાજી તરફ આગળ વધી રહ્યા છે.

તા.૨૦થી ૨૬ સપ્ટેમ્બર સુધી યોજાનારા મેળામાં મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા ૨૧૦ વધારાની બસો અને ૬૬૯ વધારાની ટ્રીપનું આયોજન કરાયું છે.

પદયાત્રીઓના થાકને ધ્યાનમાં રાખીને મેળા વિસ્તારમાં ૮ જર્મની ડોમ અને ડોરમેટરી પ્રકારના આરામ કક્ષ તૈયાર કરાયા છે. દાંતા ખાતે જય જલિયાણ કેમ્પનો ૨૫૦ ટન ક્ષમતાવાળો એસી ડોમ પણ ભક્તોને રાહત આપી રહ્યો છે, જ્યાં બે સમયનું ભોજન પણ આપવામાં આવે છે. મંદિર પરિસરમાં મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

પોલીસ દ્વારા સુરક્ષા સાથે ભક્તોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે, જ્યારે સ્વચ્છતા માટે સફાઈ કર્મચારીઓ રાઉન્ડ ધ ક્લોક સેવા આપી રહ્યા છે.







